**આજનો સુવિચાર**

તમારી જીત તમારી મહેનત પર નિર્ભર છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૪૬ જૂનાગઢ તા.૦૬-૦૨-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 46, Junagadh : Date : 06 February, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ઉત્તરાખંડ વિધાનસભામાં સમાન નાગરીક ધારા બીલ રજુ : દેશનું પ્રથમ રાજય

દહેરાદૂન તા.૬

યુનિફોર્મ સિવિલ કોડ (UCC) એટલે કે સમાન નાગરિક કાયદો લાગુ કરનાર ઉતરાખંડ દેશનું પ્રથમ રાજય બન્યુ છે. વિધાનસભામાં આજે આ વિધેયક રજુ થયું હોવાથી રાજયભરમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.

દરમ્યાનમાં ઉત્તરાખંડ વિધાનસભામાં જેવું બીલ રજુ થયું કે વિપક્ષોએ ભારે હોબાળો મચાવ્યો હતો જેને પગલે વિધાનસભાની કાર્યવાહી બપોરનાં ૨.૦૦ કલાક સુધી સ્થગીત કરવામાં આવી હતી. ઉતરાખંડ વિધાનસભા સત્રનો આજે બીજો દિવસ હતો અને તેમાં સમાન નાગરિક ધારા સંબંધીત વિધેયકો રજુ કરવામાં આવ્યા હતા. આ સિવાય સરકારી નોકરીઓમાં ૧૦ ટકા ક્ષૈતિજ અનામત આપવા સંબંધી પ્રવર સમીતીનો રિપોર્ટ પણ વિધાનસભામાં રજુ કરવામાં આવનાર છે.

સમાન નાગરિક ધારા બીલ રજુ થવાના સંજોગોમાં કોઈ તોફાની પ્રત્યાઘાતો ન પડે તે માટે વિધાનસભા સહિત સમગ્ર ઉત્તરાખંડ રાજયમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. વિધેયકનો મુસદો તૈયાર કરવા માટે ખાસ સમીતીનું ગઠન કરવામાં આવ્યુ હતું.

તેના દ્વારા વિભિન્ન ધર્મો, જૂથો, સામાન્ય નાગરિકો તથા રાજકીય પક્ષો સાથે ચર્ચા બેઠકો કરીને મુસદો તૈયાર કરવામાં આવ્યો હતો. સમીતીએ ચાર ભાગમાં ૭૪૦ પાનાનો મુસદો તૈયાર કરીને સરકારને સોંપ્યો હતો. ગત તા.૪ ફેબ્રુઆરીએ રાજય કેબીનેટની બેઠકમાં મુસદા તથા વિધેયકને મંજુરી આપવામાં આવી હતી અને વિધાનસભામાં રજુ કરવાની માંગ કરવામાં આવી હતી.

વિધાનસભામાં આજે પ્રશ્નકાળ તથા શૂન્યકાળ સ્થગીત કરાતા વિપક્ષો ભડકયા હતા. વિપક્ષી નેતા યશપાલ આર્યએ લોકશાહી પરંપરા સાથે રમત થઈ રહ્યાના આરોપ સાથે કાર્યકારી સમીતીમાંથી રાજીનામુ આપ્યું હતું.



### યુનિફોર્મ સિવિલ કોડની કેટલીક મહત્વની જોગવાઈઓ

- બહુ વિવાહ પર પ્રતિબંધ
- એક પત્નીનાં જિવિત હોવા પર બીજા લગ્ન નહી થઈ શકે
- પતિ-પત્નીને તલાક લેવાનો સમાન અધિકાર
- વસ્તી નિયંત્રણ માટે ભલામણ
- હલાલા અને ઈદત પ્રથા પર પ્રતિબંધ
- લિવ ઈન રીલેશનશીપ માટે નોંધણી ફરજીયાત
- પૈતૃક સંપતિમાં પુત્ર અને પુત્રીને સમાન અધિકાર
- લગ્ન માટે છોકરીની વય ૧૮ વર્ષ અને છોકરાની ૨૧ વર્ષ

## બ્રિટનનાં રાજા પ્રિન્સ ચાર્લ્સને કેન્સરની બિમારી



લંડન,તા.૬ઃ બ્રિટનના કિંગ ચાર્લ્સને કેન્સર થયું છે. બકિંગહામ પેલેસે એક નિવેદનમાં કહ્યું કે કિંગે પોતાના તમામ સાર્વજનિક કાર્યક્રમોને સ્થગિત કરી દીધા છે. તપાસમાં કેન્સરની પૃષ્ટી થઈ છે. રાજમહેલે કિંગના કેન્સર વિશે કોઈ જાણકારી આપી નથી. ૭૫ વર્ષીય કિંગ ચાર્લ્સ ગત મહિને પ્રોસ્ટેટની સારવાર માટે હોસ્પીટલમાં દાખલ થયા હતા. કિંગનું પ્રોસ્ટેટ વધી ગયું હતું. જોકે, રાજમહેલના સૂત્રોનું કહેવુ છે કે કિંગને પ્રોસ્ટેટ કેન્સર નથી.

બકિંગહામ પેલેસે જાણકારી આપી કે કિંગ ચાર્લ્સ પોતાની સારવાર વિશે પુરી રીતે પોઝિટિવ છે. તે જલ્દી પોતાની જવાબદારી નીભાવવા માટે પબ્લીક લાઈફમાં પરત ફરવા માટે ઉત્સાહિત છે.

# ઈડીએ સમગ્ર આમ આદમી પાર્ટીને સાણસામાં લીધી : વ્યાપક દરોડા

### ભાજપ દ્વારા આમ આદમી પાર્ટીની સરકારને તોડી પાડવા ધારાસભ્યોને રૂા.૨૫ કરોડની ઓફર કરાઈ હોવાનો આક્ષેપ

નવી દિલ્હી,તા.૬

આમ આદમી પાર્ટી (આપ)ના નેતાઓ એનફોર્સમેન્ટ વિભાગના નિશાના પર હોય તેમ ઈડી આજે એક સાથે ૧૨ નેતાઓ પર ત્રાટકયુ હતું અને ઘર સહિતના સ્થળોએ દરોડા કાર્યવાહી હાથ ધરી હતી. જલબોર્ડ કૌભાંડમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. ઈડી દ્વારા છેલ્લા કેટલાક મહિનાઓથી એક પછી એક નેતાઓને નિશાન બનાવવામાં આવી જ રહ્યા છે ત્યારે આજે વધુ એક મોટા એકશન અંતર્ગત આપના નેતાઓ-અધિકારીઓના ૧૨ સ્થળો પર દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

'આપ'ના રાજયસભાના સંસદ એન.ડી.ગુપ્તા, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સચીવ વિભાવકુમાર ઉપરાંત દિલ્હી જલબોર્ડના પુર્વ સભ્ય શલભ કુમાર વગેરેને નિશાન બનાવવામાં આવ્યા છે.

કેજરીવાલના અંગત સચીવ વિભાવકુમારની ગત વર્ષે પણ ઈડીએ પુછપરછ કરી રહી છે. તેમના પર પુરાવાનો નાશ કરવા તથા ચેડા કરવાનો આરોપ મુકવામાં આવ્યો હતો.

'આપ'ના નેતાઓ સામે ઈડીની કાર્યવાહી રાજકીય ઈશારે થઈ રહી હોવાના આરોપ સાથે પાર્ટી નેતા દ્વારા તંત્ર સામે ખુલાસા કરવામાં આવનાર હતા. આ ખુલાસા અટકાવવા માટે સવારથી મોટા નેતાઓને નિશાન બનાવાયાનો આરોપ આતિશીએ લગાવ્યો છે. તેઓએ કહ્યું કે ઈડીના ઓકશન કે દરોડાથી 'આપ' ડરવાનુ નથી.

# સરકારી પેટ્રોલિયમ કંપનીઓએ છેલ્લા ૯ મહિનામાં રૂા. ૬૯૦૦૦ કરોડનો ધરખમ નફો કર્યો : હવે તો પેટ્રોલ - ડીઝલનાં ભાવ ઘટાડો




નવી દિલ્હી,તા.૬

વિશ્વસ્તરે ક્રુડતેલના ભાવો નીચા હોવા છતાં દેશમાં પેટ્રોલ-ડિઝલમાં ભાવમાં ઘટાડો કરાતો નથી ત્યારે પેટ્રોલિયમ કંપનીઓ ધરખમ નફો કરવા લાગી છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં જાહેરક્ષેત્રની ત્રણ પેટ્રોલીયમ કંપનીઓએ રૂા.૬૯૦૦૦ કરોડનો જંગી નફો કર્યો છે. વિશ્વસ્તરે ક્રુડમાં અભૂતપૂર્વ તેજીથી સર્જાયેલા તેલસંકટ પુર્વેના વર્ષો કરતા પણ નફાનો આ આંકડો ઘણો મોટો છે.

ભારતમાં ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન ભારત પેટ્રોલિયમ તથા હિન્દુસ્તાન પેટ્રોલિયમ જાહેરક્ષેત્રની સરકારી તેલ કંપનીઓ છે. તેલસંકટ પુર્વેના વર્ષોમાં રૂા.૩૯૩૫૬ કરોડના નફા સામે ચાલુ વર્ષે એપ્રિલથી ડિસેમ્બરના ૯ મહિનાની કમાણી ઘણી વધુ છે.

પેટ્રોલ-ડિઝલના ભાવમાં દૈનિક બદલાવ કરવા તથા વૈશ્વિક ક્રુડમાં ઘટાડાનો લાભ ગ્રાહકોને આપવા સામે પેટ્રોલિયમ કંપનીઓને વાંધો છે. આ કંપનીઓનો એવો તર્ક છે કે ક્રુડતેલની કિંમત અસ્થિર છે. ગમે ત્યારે મોટી વધઘટ આવી જાય છે એટલું જ નહી, ભૂતકાળની નુકશાની હજુ સંપૂર્ણ રીતે સરભર થઈ શકી નથી.

### આરટીઆઈ માહિતીમાં એએસઆઈનો જવાબ
# મથુરામાં કૃષ્ણ જન્મભૂમિ મંદિર ઔરંગઝેબે તોડયું હતું



નવી દિલ્હી,તા.૬ઃ

મથુરામાં કૃષ્ણ જન્મસ્થળને લઈને મહત્વની માહિતી સામે આવી છે. RTI એટલે કે માહિતીના અધિકારના જવાબમાં, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણએ કહ્યું છે કે મુગલ શાસક ઔરંગઝેબે સંકુલમાં મસ્જીદ માટે એક હિન્દુ મંદિર તોડી પાડ્યું હતું.

જો કે, RTI જવાબમાં 'કૃષ્ણ જન્મભૂમિ'નો ખાસ ઉલ્લેખ નથી, પરંતુ કેશવદેવ મંદિરનો ઉલ્લેખ છે. કહેવામાં આવી રહ્યું છે કે શાહી ઈદગાહને હટાવવા માટે ચાલી રહેલી કાયદાકીય લડાઈમાં RTIનો જવાબ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

ઉત્તર પ્રદેશના મૈનપુરીના અજય પ્રતાપ સિંહે કેશવદેવ મંદિરને તોડી પાડવા અંગે માહિતી માંગતી RTI દાખલ કરી હતી. તે કૃષ્ણ જન્મભૂમિ સંકુલમાં હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. ASI આગ્રા સર્કલના અધિકારી દ્વારા RTI નો જવાબ આપવામાં આવ્યો હતો. તે વાતની પુષ્ટિ કરવામાં આવી છે કે વિવાદિત સ્થળ પર સ્થિત કેશવદેવ મંદિરને મુઘલ શાસક દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ASI ને મથુરાએ કૃષ્ણ જન્મભૂમિના ૧૯૨૦ ગેઝેટના ઐતિહાસિક રેકોર્ડના આધારે આ માહિતી આપી છે. તેમાં ગેઝેટના અંશોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે, 'કટરા ટેકરાના કેટલાક ભાગો કે જે નઝુલના કબજામાં ન હતા, જયાં કેશવદેવનું મંદિર અગાઉ ઊભું હતું, તેને તોડી પાડવામાં આવ્યું હતું અને તેનો ઉપયોગ ઔરંગઝેબની મસ્જીદ માટે કરવામાં આવ્યો હતો....

## હજુ પણ ૧૧ કરોડ પાન - આધાર લિંક કરાયા નથી



નવી દિલ્હી, તા ૬

કેન્દ્ર સરકારના તમામ પ્રયાસો છતાં, હજુ પણ કરોડોથી વધુ લોકોએ પાન અને આધાર કાર્ડને લિંક કર્યા નથી. આ માહિતી નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં આપી હતી. આ સાથે, તેમણે કહ્યું કે સરકારે PAN ને આધાર સાથે લિંક કરવામાં વિલંબ માટે દંડ તરીકે ૬૦૦ કરોડ રૂપિયાથી વધુ એકત્રિત કર્યા છે. PAN અને આધાર કાર્ડને લિંક કરવાની અંતિમ તારીખ ૩૦ જૂન ૨૦૨૩ હતી. આ સમયમર્યાદા બાદ PAN અને આધારને લિંક કરનારાઓ પાસેથી ૧,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવી રહ્યો છે.

નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ કહ્યું- લગભગ ૧૧.૪૮ કરોડ પાન કાર્ડ હજુ પણ બાયોમેટ્રિક ઓળખ સાથે જોડાયેલા નથી. તેમણે માહિતી આપી હતી કે ૧ જુલાઈ, ૨૦૨૩ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી જે વ્યક્તિઓએ લિંક કર્યું નથી તેમની પાસેથી કુલ રૂા. ૬૦૧.૯૭ કરોડ ફીની વસુલાત કરવામાં આવી છે.

# મધ્યપ્રદેશમાં હરદા સ્થિત ફટાકડાની ફેકટરીમાં પ્રચંડ વિસ્ફોટ : ૨૫ ઘાયલ

ભોપાલ તા. ૬

મધ્યપ્રદેશનાં હરદા ખાતે આવેલી ફટાકડાની ફેકટરીમાં પ્રચંડ વિસ્ફોટ થયો છે જેને કારણે ૨૫થી વધુ લોકોને ગંભીર ઈજા પહોંચી છે. ફટાકડાની ફેકટરીમાં હજુ પણ સંખ્યાબંધ લોકો ફસાયા હોવાનું જાણવા મળે છે.

ફટાકડાની ફેકટરીમાં કયા કારણોસર વિસ્ફોટ થયો તે જાણવા મળ્યું નથી. ફેકટરીમાં પ્રચંડ વિસ્ફોટ બાદ ફાટી નીકળેલી આગને કાબુમાં લેવા માટે ફાયર બ્રિગેડની અનેક ગાડીઓ તેમજ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી છે અને બચાવ કામગીરી શરૂ કરી છે. ફેકટરીમાં થયેલો વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે અનેક કીલોમીટર સુધી ધડાકાનો અવાજ સંભળાયો હતો અને લોક ભયભીત બની ગયા હતા.


સ્પે. રજબનો રોટ
માત્ર રૂા. ૨૪૦/-નો કિલો
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

**સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક**
૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં
**સી.સી. પડદાવાળા**
18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

**દાણાપીઠમાં મકાન વેચવાનું છે**
વેપારીઓ માટે ગોડાઉન લાયક
જૂનાગઢનાં દાણાપીઠ વિસ્તારમાં
વાદી ખડકીમાં જુનું મકાન આશરે
૫૦ વાર અને મોરો ૨૦ ફુટ
(કિંમત રૂા.૧૫ લાખ)
**મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો







બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

**ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ**
Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912
શુધ્ધતા નો સ્વાદ એટલે...
GIR KESARI
Premium Quality
દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ
Premium Quality
KHODIYAR
MINI OIL MIL
જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે
હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**
**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન


ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**હેવન ઈન્ટીરીયર ફર્નિચર**
www.heavenfurniture.co.in
300+ Site complete
All over Gujarat
heaven FURNITURE
Let's Go Make Home as a Heaven
INTERIOR
COLOR WORK
POP WORK
SOFA WORK
**હેવન ફર્નિચર**
M. 97263 15003
મેરીઓટ પ્લાઝા, ચોથા માળે, ગાયત્રી સ્કૂલ સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**
**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**

### લોહાણા મહાજને વિચારધારા બદલીને વેપાર-નૌકરીની વિપુલ તકો રહેલા નવા શૈક્ષણિક ક્ષેત્રો તરફ ધ્યાન આપવા આગેવાનોની અપીલ

# વેરાવળમાં લોહાણા મહાજનના ૨૩૦ તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવાનો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો






(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ, તા.૬

વેરાવળ લોહાણા મહાજન સમાજ દ્વારા શિક્ષણમાં ઉત્કૃષ્ઠ પરીણામ લાવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સરસ્વતી સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં મહાજન પ્રમુખ વિક્રમભાઈ તન્ના, ઉપપ્રમુખ મુકેશભાઈ રૂપારેલીયાના અધ્યક્ષ સ્થાને અતિથિ વિશેષ ડીવાયએસપી વિસ્મય માનસેતા, રાજકોટ લોહાણા મહાજન કારોબારી ચેરમેન ડો.નિશાંત ચોટાઈ, રામધામ સમિતિના પ્રમુખ સોનલબેન વસાણીની હસ્તે સમાજના ૨૩૦ જેટલા તેજસ્વી તારલાઓને શિલ્ડ, પ્રમાણપત્ર તથા શૈક્ષણિક કીટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ધો.૧૦, ૧૨ તથા તમામ ગ્રેજ્યુએશનમાં, એન્જીનીયરીંગ, ડોકટર, સીએ, એમબીએ, એમ.કોમ, એમ.એ. સહિત માસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરેલ ૨૩૦ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત રાજયકક્ષાએ દિવ્યાંગ ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર બે બાળકોનું તથા વર્ષો સુધી સ્થાનીક બાળકોમાં શિક્ષણનું સંચાર કરનાર દિલીપભાઈ દતાણી, અશ્વિનભાઈ ઠકકર બંન્ને શિક્ષકોનું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યુ હતુ.

આ સન્માન સમારોહને સંબોધતા એવા જીપીએસસી પરીક્ષા પાસ કરી ડીવાયએસપી બનેલ વિસ્મય મહેતાએ કહેલ કે, વેપારથી વરેલા આપણા સમાજની સરકારી નૌકરીઓમાં ભાગીદારી બહુ ઓછી હોય તે બાબતે વાલીઓ અને વિદ્યાર્થીઓ જાગૃત થવું જોઈએ. ધો.૧૦ થી જ IAS, IPS, કલાસ-૧ બનવા એક દ્રઢ નિર્ણય સાથે તૈયારી શરૂ કરવી જોઈએ. સરકારી નૌકરી સિવાય કૃષિ,

### લોહાણા મહાજનના બાળકો સીએ અને ડોકટર જ બને તેવી વિચારધારાથી અલગ નવા ક્ષેત્રો તરફ વિચારવાનો સમય આવી ગયો છે : આગેવાનો

ફિશરીઝ, FSL, સાયબર, PWD, પાલીકા, પંચાયત જેવા અનેક ક્ષેત્રોમાં પણ વિપુલ તકો હોય તે તરફ જવા વિદ્યાર્થીઓએ વિચારવું જોઈએ. જયારે ડો.નિશાંત ચોટાઈએ મહાજનના બાળકો સીએ, ડોકટર બને તેવી વિચારધારામાં વાલીઓએ બદલાવ લાવીને આ સિવાયના અન્ય ક્ષેત્રોમાં જવા માટે કંઈક અલગ વિચારો તેવી અપીલ કરી હતી. સમાજ દ્વારા પણ યુપીએસસી, જીપીએસસી, વહીવટી પદો માટે યોજાતી જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના વર્ગો શરૂ કરી બાળકોને મદદરૂપ થવાનો સમય ચાલી રહ્યો છે. આ દિશામાં સમાજે એકલાએ નહીં પણ સૌ એ સામુહિક પ્રયાસ કરવો જોઈએ. તો મહાજન પ્રમુખ વિક્રમભાઈ તન્ના અને ઉપપ્રમુખ મુકેશભાઈ રૂપારેલીયાએ પણ સૌ ની લાગણીનું માન રાખીને આગામી દિવસોમાં સમાજના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓના વર્ગો શરૂ કરવા તથા કારકિર્દી માર્ગદર્શન આપવા માટેના કાર્યક્રમ કરવા વિચારણા કરી અમલી બનાવવા કામગીરી કરવાની તૈયારી બતાવી હતી.

આ કાર્યક્રમમાં અશોકભાઈ ગદા, ગીરીશભાઈ કારીયા, સુનિલભાઈ સુબા, રમેશભાઈ કોટક, મનુભાઈ રાયઠઠ્ઠા, ભારતીબેન ચંદ્રાણી, સપનાબેન શીંગળા સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ માટે શિક્ષણ સમિતિના રવિ સામાણી, અનિષ રાચ્છ, સુજીત રતનધાયરા, સમીર રાયઠઠ્ઠા, પરેશ રૂધાણી, ધર્મેન્દ્ર અઢીયા, સમીર પોપટ, ભરત ગોટેચા, જીતેન્દ્ર ખખ્ખર, અલ્પેશ વિઠલાણી, હાર્દીક ઠકરાર, રશમીન લાખાણી, રાજ ધનેશા, હાર્દીક રાજપોપટ, કેતન કાનાબાર, પીન્ટુ ગદા, હિતેશ માંડવીયા, મનીષ સવજીયાણી સહિતના યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

# મુંબઈથી પકડાયેલા મુફતી સલમાન અઝહરીને આજે જૂનાગઢ કોર્ટમાં રજુ કરાશે : ચુસ્તબંદોબસ્ત





(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૬

જૂનાગઢમાં ગત તા. ૩૧ જાન્યુઆરીએ નરસિંહ વિદ્યા મંદિરનાં ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા નશામુક્તિના કાર્યક્રમમાં મુંબઈના મુફતી સલમાન અઝહરીએ કરેલા વાંધાજનક વિધાનો મામલે ત્રણ વ્યક્તિઓ સામે ગુનો દાખલ કરવામાં આવેલ હતો. આ દરમ્યાન મુંબઈથી પકડાયેલા મુફતીને ગઈકાલે જૂનાગઢ લાવવામાં આવ્યા હતા અને આજે કોર્ટમાં રજુ કરવામાં આવશે અને રિમાન્ડ માંગવામાં આવશે તેમ જાણવા મળે છે. ગઈકાલની જેમ આજે પણ ચુસ્તબંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

દરમ્યાન આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ગત તા. ૩૧ જાન્યુઆરીએ નરસિંહ વિદ્યા મંદિર ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં વાંધાજનક વિધાનો કરવા અંગે ગુનો દાખલ કરવામાં આવેલ હતો અને આ ગુનામાં મુફતી સલમાન અઝહરીને ગુજરાત એટીએસ દ્વારા જૂનાગઢ પોલીસને સાથે રાખીને મુંબઈના ઘાટકોપર વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવ્યા બાદ ગઈકાલે સોમવારે જૂનાગઢ લાવવામાં આવ્યા હતા. ગઈકાલે સાંજે ૭ વાગ્યાના અરસામાં મૌલાના સલમાનને પોલીસ હેડકવાટર ખાતે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે લાવવામાં આવ્યા હતા. આ તકે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ કહ્યું હતું કે, કાર્યક્રમનું આયોજન કરવા પાછળનો હેતુ નશામુકિત અંગે માર્ગદર્શન આપવાનો હતો કે પછી અન્ય કોઈ વિચારધારા હતી ? તે અંગે મુફતી સલમાનનું નિવેદન લેવામાં આવશે. એટલું જ નહી આયોજકોને પણ તેમની સાથે રાખીને સંયુકત પુછપરછ કરવામાં આવશે. આજે મંગળવારે મૌલાનાને કોર્ટમાં રજુ કરીને આગળની કાર્યવાહી હાથ ધરાશે. જીલ્લા પોલીસ વડાએ એમ પણ કહ્યું હતું કે, કાર્યક્રમના આયોજન પાછળનો હેતુ શોધવા કાર્યવાહી થશે તેના માટે બંને આયોજકો મહંમદ યુસુફ અને અઝીમ હબીબ ઓડેદરાની સંયુકત પુછપરછ પણ કરવામાં આવશે. મુફતી સલમાન અઝહરીને જૂનાગઢ લાવવામાં આવ્યા ત્યારે સલમાન અઝહરીને જૂનાગઢ લાવવામાં આવ્યા ત્યારે શહેરમાં ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. શહેરના ચોક્કસ વિસ્તારોમાં લોકોની ભીડ ન જામે તે માટે કડક પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. સમગ્ર મામલાની તપાસ જૂનાગઢ એલસીબી પીઆઈ કરી રહ્યા છે.

# બીલખાના બંધાળા ગામે આવેલ કોમ્યુનીટી હોલમાંથી રૂા.૨૪૯૫૦ના મુદ્દામાલની ચોરી

બીલખા તા.૬

બીલખાના બંધાળા ગામે આવેલ કોમ્યુનિટી હોલ પાછળની બારીની ગ્રીલ તોડી મોટર, ટીવી સહિતના મુદ્દામાલની ચોરી કરી ગયાની ફરીયાદ બીલખા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

આ અંગે બીલખા પોલીસમાંથી પ્રાપ્ત થયેલ વિગતો મુજબ ફરીયાદી ચંપાબેન રમેશભાઈ ગોંડલીયાએ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, બંધાળા ગામના કોમ્યુનીટી હોલની પાછળની બારીની ગ્રીલ તોડી કોમ્યુનીટી હોલમાં રાખેલ ૧૭ એચ.પી.ની પાણીની બંધ હાલતની જુની મોટર, ૧૨ એચ.પી.ની પાણીની બંધ હાલતની જુની મોટર, જુનુ બંધ હાલતનું ટીવી, લોખંડની બે નવી લાઈનના ૧૦ ફુટના ૭ ટુકડા, બારીની ગ્રીલ સહિતની વસ્તુઓ મળી કુલ ૨૪,૯૫૦ના મુદ્દામાલની કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ બીલખા પીએસઆઈ મારૂએ હાથ ધરી છે.

# કેશોદ : ટ્રકમાં નુકશાન કરી આગ લગાડી - અજાણ્યા બે શખ્સો સામે ફરીયાદ

કેશોદ તા.૬


જૂનાગઢ જીલ્લાના કેશોદ-જૂનાગઢ હાઈવે ઉપર આવેલા સહજાનંદ પેટ્રોલ પંપના પાર્કીંગમાં બનેલા બનાવમાં ટ્રકને નુકશાન કરીને આગ લગાડવાનો બનાવ બનવા પામતા બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ છે. કેશોદ પોલીસે આપેલી વિગતો અનુસાર વિશાલભાઈ મેરામણભાઈ પરમાર (ઉ.વ.૩૪) રહે.બુધેચા તા.માળીયા હાટીનાવાળાએ ટ્રક નં.જીજે-૨૪-વી-૫૯૨૫નો ચાલક તથા અજાણ્યા મોટર સાયકલ ચાલક વિરૂધ્ધ નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ છે કે આરોપીઓએ ફરીયાદીના પેટ્રોલ પંપમાં ગેરકાયદે પ્રવેશ કરી આરોપીએ ટ્રક પુરપાટ અને ગફલત રીતે ચલાવી પેટ્રોલ પંપના પાર્કીંગમાં પડેલ ટ્રક નં.જીજે-૦૩-ડબ્લ્યુ-૯૨૩૩ સાથે અથડાવી બાદમાં આરોપીઓએ ટ્રકમાં આગ લગાડી રૂા.૭ લાખનું નુકશાન કરી નાસી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ઓખા-બેટ દ્વારકા વચ્ચે બનેલા સિગ્નેચર બ્રિજના લોકાર્પણની તંત્ર દ્વારા ચાલતી તૈયારી

(રાકેશ સામાણી દ્વારા)
દ્વારાકા તા.૬







ઓખા-બેટ દ્વારકા વચ્ચેના નવનિર્મિત બ્રિજનું મળતા અહેવાલ અનુસાર આગામી તા.૨૨મી ફેબ્રુઆરીએ સંભવતઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થનાર હોય વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી છે. યાત્રાધામ દ્વારકામાંથી પસાર થતા નેશનલ હાઈવેમાં લાંબા સમયથી પડી ગયેલા ખાડાઓના રીપેરીંગ કામ યુદ્ધના ધોરણે કરાઈ રહ્યા છે આ ઉપરાંત સીસીટીવી કેમેરા કામગીરી, રખડતા પશુઓને ડબ્બે પૂરવા જેવા કામો કરવામાં આવનાર છે. આ ઉપરાંત મંદિર આસપાસ ગીચતાને દૂર કરવા તેમજ સફાઈ ઝુંબેશ પણ શરૂ કરવામાં આવનાર છે. વહીવટી તંત્ર દ્વારા સત્તાવાર કાર્યક્રમ જાહેર થયો નથી પરંતુ આંતરિક વર્તુળોમાંથી મળતી માહિતી અનુસાર ભાજપ સંગઠન દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે જાણકારી અનુસાર દ્વારકા ખાતે પ્રધાનમંત્રીની જાહેર સભા યોજાય તેવા સંકેતો મળી રહ્યા છે. પ્રધાનમંત્રી જગતમંદિરે દર્શન બાદ બ્રિજના લોકાર્પણ સાથેનો અંતિમ કાર્યક્રમ ટૂંકમાં જાહેર થનાર હોવાનું વર્તુળોએ જણાવ્યું છે. સિગ્નેચર બ્રિજનું વર્ષ ૨૦૧૭માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે દ્વારકાથી વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત કરાયું હતું. જેનું લોકાર્પણ પણ તેમના હસ્તે જ થવા જઈ રહ્યું છે ત્યારે બેટ દ્વારકાને આઈલેન્ડ હોવાના કારણે પડતી સમસ્યાઓમાંથી છુટકારો મળશે અને લાઈટ પાણી સહિતની સુવિધા આસાનીથી અને પુરતા પ્રમાણમાં મળી શકશે. આ ઉપરાંત ટુરિઝમ વિકાસ સાથે બેટ દ્વારકાના સુવર્ણ યુગની શરૂઆત થશે. તાજેતરમાં જિલ્લા વહીવટી તંત્રના કલેકટર જી.ટી.પંડયા ડી.ડી.ઓ.એસ.ડી.ધાનાણી પ્રાંત અધિકારી ભગોરા સહિતના અન્ય અધિકારીઓએ બેટ દ્વારકા, સિગ્નેચર બ્રિજ, દ્વારકા સહિતના સ્થળોની મુલાકાત લઈ તૈયારીઓની સમીક્ષા કરી હતી.

# તારે દિકરાનો જન્મ થતો નથી કહી મહિલાને સાસરીયાનો ત્રાસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૬

માળીયાહાટીના તાલુકાના જલંધર ગામે પિતાના ઘરે રિસામણે રહેતા ગીતાબને ભીખાભાઈ ચૌહાણ (ઉ.વ.૩૭)ના લગ્ન વર્ષ ૨૦૦૯માં કેશોદ તાલુકાના સિલોદર ગામે રહેતા ઉદયભાઈ ભુપતભાઈ ખેર સાથે જ્ઞાતિના રીત રિવાજ મુજબ થયા હતા. લગ્ન જીવન દરમ્યાન સંતાનમાં ત્રણ દીકરી છે પરંતુ લગ્ન એકાદ માસ પછી સસરાના ઘરે રહ્યા બાદ પતિ અને દિયર હીરા ઘસવાનું કામ કરતા હોય તેથી તેઓની સાથે સુરત રહેવ જતા રહ્યા હતા. આ દરમ્યાન સંતાનમાં ત્રીજી દીકરીનો જન્મ થતાં સસરા પક્ષને ગમેલ નહી અને પતિ તેમજ દિયર મહેશભાઈ સસરા ભુપતભાઈ કરશનભાઈ અને નણંદ વનિતાબેન નરસિંગભાઈ ડોડીયાએ તારે દીકરાનો જન્મ થતો નથી તેમ કહી નાની મોટી વાતોમાં મેણા ટોણા બોલી અને ઢીકાપાટુનો માર મારી અવાર-નવાર શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ મહિલાએ કરતા માળીયાહાટીનાનાના એએસઆઈ એચ.એસ. બલદાણીયાએ સાસરીયા વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ભારતમાં LNGR કોસિસ્ટમ મજબૂત કરવા અદાણી ટોટલ ગેસ અને INOXCVAએ હાથ મેળવ્યા



### LNG સાધનો અને સેવાઓ પ્રદાન કરવા બંને કંપનીઓ પસંદગીનો ભાગીદારનો દરજ્જો આપશે

(પ્રતિનિધિ દ્વારા)
અમદાવાદ તા.૬

ભારતની આગવી હરોળની શહેરી ગેસ વિતરણ કંપની અદાણી ટોટલ ગેસ લિ.(ATGL) અને ગુજરાત સ્થિત વિશ્વની અગ્રણી ક્રાયોજેનિક લિક્વિડ સ્ટોરેજ, ડિસ્ટ્રિબ્યુશન અને રિ-ગેસ સોલ્યુશન્સ પ્રદાતાઓમાંની એક INOX India Ltd (INOXCVA)એ પરસ્પર સહયોગનો કરાર કર્યો છે. આ કરાર અંતર્ગત ATGL અને INOXCVA LNG અને LCNG સાધનો અને સેવાઓની ડિલિવરી માટે ભારતમાં LNG ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે સહયોગની સંભવિત તકોને તારવીને તેનું અન્વેષણ કરવા માટે પરસ્પર "પસંદગીના ભાગીદાર"નો દરજ્જો આપશે. પસંદગીના ભાગીદારો તરીકે ATGL પાસે અંતર્ગત પ્રોજેક્ટ સ્તરના ચોક્કસ લાભો હશે, જેમાં અદાણી ટોટલ ગેસને પ્રેફરન્શિયલ ટ્રીટમેન્ટ અને એડવાન્સ શેડ્યુલિંગની એક્સેસ, LNG/LCNG સ્ટેશનો, LNG સેટેલાઈટ સ્ટેશનો, LNG ઈંધણ આધારીત પરિવહન તરીકે સ્થાનાંતરિત કરવા માટે સહયોગ કરવાની તકો માટે વિચારણા કરવા સહિત લોજિસ્ટિક્સ તેમજ ઉદ્યોગ માટે નાના પાયે પ્રવાહી હાઈડ્રોજન સોલ્યુશન્સ વિકસાવવાની બાબતનો સમાવેશ થાય છે. નાના પાયાના એલએનજી પ્લાન્ટ્સ, એલએનજી સ્ટેશનો, ભારે વાહનોના એલએનજી ઉપર રૂપાંતર માટે સ્કેલની અર્થવ્યવસ્થા લાવવા, HSE તરફ શ્રેષ્ઠ પ્રયાસો વિકસાવવા સહિત બળતણ કાર્યક્ષમતા, ઉચ્ચ ગુણવત્તા રૂપાંતરણ અને સેવાઓ તેમજ એલએનજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે બન્ને પક્ષોની કાર્ય [redacted]

ઉત્સર્જનમાં સતત વધારો થઈ રહ્યો છે. આ સંજોગોની સાથે ઝડપથી થઈ રહેલો ઔદ્યોગિક વિકાસ અને માલસામાનના પરિવહન માટે ભારે વાહનોમાં થઈ રહેલો વધારો આવનારા સમયમાં એક ભયજનક પડકાર બની રહેશે. આ સ્થિતિમાં INOXCVA સાથેની ભાગીદારી અદાણી ટોટલ ગેસને હાલમાં HSD/ડીઝલનો ઉપયોગ કરતા લાંબા અંતરના ભારે વાહનો બસોનું તબક્કાવાર LNGમાં રૂપાંતર મદદરૂપ બનશે. પરિણામે CO2 અને GHGના ઉત્સર્જનમાં ૩૦% થી વધુ ઘટાડો કરવામાં મદદ મળશે. પરિવહન માટેના બળતણ તરીકે એલએનજીને સ્વીકારવા માટે ફલીટ ઓપરેટરોનો આત્મવિશ્વાસ વધારવા માટે ATGL દેશભરમાં LNG સ્ટેશનોની ફાસ્ટ-ટ્રેક સ્થાપના પણ કરશે."એમ તેમણે કહ્યું હતું. INOXCVAના સ્થાપક અને નોન-એક્ઝિક્યુટિવ ડિરેકટર સિદ્ધાર્થ જૈને આ સહયોગ વિષે જણાવ્યું હતું કે આપણી અર્થવ્યવસ્થા તેની સીમાઓ વટાવવા માટે તૈયાર થઈ રહી છે ત્યારે સંક્રમણ ટકાઉ રીતે થાય તે સુનિશ્ચિત કરવા ઉપર પણ આપણે ધ્યાન કેન્દ્રિત કરવું જરેરી છે.

તેથી અમે ATGL સાથેના અમારા સહયોગથી ઉત્સાહિત છીએ, આ ભાગીદારી LNG ઈકોસિસ્ટમના નિર્માણ અને પરિવહન માટે ઈંધણ તરીકે LNGને ઉત્તેજન આપવા વિચારશે. અમારી સંયુક્ત કાર્યકૂશળતા અને બન્ને પક્ષોની પહોંચ ઉત્સર્જનને ઘટાડવા અને હિસ્સેદારોને લાભાન્વિત કરશે અને હરીત ફેરફાર તરફ મહત્વનું યોગદાન આપશે.

# ઉનામાં ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની કેદ

[redacted]

### ખેલ મહાકુંભ-૨.૦ના યોજાયેલ કાર્યક્રમમાં માંગરોળના સ્પર્ધકો ઝળકયા

(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૬

ખેલ મહાકુંભ-૨.૦ અંતર્ગત જૂનાગઢ ખાતે જીલ્લા કક્ષાએ યોજાયેલી કરાટે સ્પર્ધામાં ૧૧ સ્પર્ધકોએ ૧થી ૩ ક્રમ મેળવી શહેર તથા પરિવારનું નામ રોશન કર્યુ હતું. સ્પર્ધામાં પ્રથમ ક્રમે અદીલા જુનૈદભાઈ ભાટા, કબીરખાં આદીલખાં ખીલચી, હારિશ હારૂનભાઈ ખાદીમ, ફુરકાન [redacted]

# ઈતિહાસકાર, લેખક, વકતા, પ્રાધ્યાપક અધ્યક્ષ પ્રદ્યુમ્નભાઈ ખાચરનો આજે જન્મદિવસ

(પ્રતિનિધી દ્વારા)
પ્ર.પાટણ તા.૬

સૌરાષ્ટ્રના ભુગોળ, રાજા, રજવાડાઓ અને સમાજોના ઈતિહાસને ભાવી પેઢીની [redacted] ખાતે અભ્યાસ કરી વર્ષ ૨૦૦૬માં પીએચડી થયા. ૧૯૯૨થી તેઓ જૂનાગઢ ખાતે ડો.સુભાષ મહિલા કોલેજ ખાતે ઈતિહાસ વિભાગના અધ્યક્ષ છે. [redacted]



કાઠીયાવાડ, કાઠીયાવાડના રાજવીઓ, સોરઠ અને બરડા પ્રદેશ ઈતિહાસ તેમના જાણીતા લખાયેલા પુસ્તકો છે. ઈતિહાસના આરાધક તરીકે તેમના લેખો સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈના વર્તમાનપત્રો-પુર્તિઓમાં પ્રગટ થતા જ રહે છે. તેમના જન્મદિને

C M Y K

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ડમી સિમકાર્ડથી ગુનો આચરતા પાંચ ઝડપાયા

## ન્યૂડકોલ સહિતની ગેરપ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા : નવ ગુનાના ભેદ ઉકેલાયા : સાયબર ક્રાઈમ પોલીસને સફળતા

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી હોટેલ બુકિંગના નામે થતી ઠગાઈ તેમજ અન્ય પ્રકારે ઓનલાઈન છેતરપિંડી અને આ પ્રકારના વિવિધ ગુનાઓનો ભેદ ઉકેલવા દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ સેલ પોલીસને નોંધપાત્ર સફળતા મળી છે. જેમાં પોલીસે વડોદરા, રાજસ્થાન અને મધ્યપ્રદેશના કુલ પાંચ શખ્સોને દબોચી લીધા છે. જેની અટકાયત બાદ પોલીસને અલગ અલગ પોલીસ મથકમાં નોંધાયેલા કુલ નવ ગુનાઓનો ભેદ ઉકેલવા સફળતા મળી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી સિલસિલાબંધ વિગત મુજબ પવિત્ર યાત્રાધામ દ્વારકામાં આવતા દર્શનાર્થીઓના વિવિધ પ્રકારે હોટેલ, ગેસ્ટ હાઉસમાં ઓનલાઈન બુકિંગ કરવા માટે આંતરરાજ્ય ટોળકી સક્રિય થયાનું બહાર આવતા આ અંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ અને આ બાબતે જિલ્લા સાયબર ક્રાઈમ સેલ પોલીસને તાકીદે કડક કાર્યવાહી હાથ ધરી અને આરોપીઓને ઝડપી લેવા માટેની અપાયેલી સૂચના અંતર્ગત જિલ્લા સાયબર ક્રાઈમ વિભાગના પી.આઈ. એ.વાય. બ્લોચ તથા ચુનંદા સ્ટાફ દ્વારા વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કરી અને આવા પ્રકરણમાં ડમી પ્રિ-એક્ટિવ સીમકાર્ડનું વેચાણ કરનારા તથા ફેક વેબસાઈટ અને સીમકાર્ડનો ઉપયોગ કરી અને છેતરપિંડી કરવા તેમજ ન્યુડ કોલ ફ્રોડના પાંચ આરોપીઓને દબોચી લેવા માટે સફળતા મેળવી હતી

આ પ્રકરણમાં પોલીસે વડોદરાના ભાયલી વિસ્તારમાં રહેતા મોનાર્ક મહેશભાઈ પટેલ (ઉ.વ. ૨૪), રાજસ્થાન રાજ્યના ડીગ જિલ્લાના કામા તાલુકામાં રહેતા ધનસિંઘ ગોપાલ ગુર્જર (ઉ.વ. ૨૬), પહાડી તાલુકાના રસીદ જશમાલ મેવ (ઉ.વ. ૨૪), મધ્યપ્રદેશ રાજ્યના રેવા જિલ્લાના હુઝુર તાલુકાના રહીશ અને વેબ ડેવલપર તરીકે કામ કરતા નીરજ સુશીલ ત્રિવેદી (ઉ.વ. ૩૫), અને મધ્યપ્રદેશ રાજ્યના ખજુરીતાલના મૂળ વતની અને હાલ નહેરુનગર (જી. રેવા, એમ.પી.) ખાતે રહેતા કૌશલેન્દ્રપ્રસાદ મોહનપ્રસાદ વર્મા (ઉ.વ. ૩૨) નામના પાંચ શખ્સોને દબોચી લેવામાં આવ્યા હતા.



ઝડપાયેલા આ શખ્સો પાસેથી પોલીસ દ્વારા મેળવવામાં આવેલી વિગત મુજબ માત્ર નવ ચોપડી ભણેલો વડોદરાનો મોનાર્ક મહેશભાઈ પટેલ અગાઉ એકાદ વર્ષ સુધી એરટેલ તથા જીઓ સિમ કાર્ડના વિક્રેતા તરીકે કામ કરતો હતો. તેના દ્વારા થોડા સમય પૂર્વે રાજસ્થાની ધનસિંગ તેમજ સંજી નામના શખ્સો સંપર્કમાં આવ્યા હતા અને રૂા. ૩૫૦ માં ડમી સીમકાર્ડ આપવાનું જણાવ્યું હતું. આથી મોનાર્ક તેની પાસે આવતા ગ્રાહકોના આધાર નંબર અને ફિંગર પ્રિન્ટ મેળવી અને યુક્તિ-પ્રયુક્તિથી ડમી સીમકાર્ડ એક્ટિવ કરી, ૩૦-૪૦ સીમ કાર્ડ રાજસ્થાનના ઉપરોક્ત બંને શખ્સોને કુરિયર દ્વારા મોકલી આપતો. આ રીતે ડમી સીમકાર્ડનું રેકેટ ચલાવીને તેણે ૬૦૦ થી વધુ સીમકાર્ડ રાજસ્થાનના ડિગ જિલ્લામાં મોકલાવી આપ્યા હોવાનું તથા આનાથી અલગ અલગ સાયબર ક્રાઈમના ગુનાઓ કરવામાં આવ્યા હોવાનું ખુલવા પામ્યું હતું.

અન્ય આરોપી ધનસિંઘ ગોપાલ ગુર્જર ૧૦ ચોપડી ભણેલો છે. તેણે વડોદરાથી પ્રિ-એક્ટિવેટેડ સીમકાર્ડની ખરીદી કરી અને અલગ અલગ પ્રકારના સાયબર ક્રાઈમ કરનારા ગુનેગારોને વેચ્યા હોવાનું તેમજ અન્ય આરોપી તેના જ ગામના નફીસ નામના વ્યક્તિની સાથે મળી અને હોટેલ ફ્રોડના ગુનાઓમાં કામ કરતો હોવાને કબુલાત પોલીસ સમક્ષ થઈ છે.

ત્રીજો આરોપી રાસીદ જશમાલ ટીવાય.બી.એ.માં અભ્યાસ કરતો હોવાનું આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરાવવાની ધમકીઓ આપી અને રૂપિયા સાડા ચાર લાખની ઓનલાઈન છેતરપિંડી કરાયાનું પણ વધુમાં જાહેર થયું છે. ચોથા આરોપી મધ્યપ્રદેશના રેવા જિલ્લામાં રહેતા નીરજ સુશીલ દ્વિવેદી બી.ફાર્મ. સુધીનું ભણેલો છે. તેના દ્વારા યુટ્યુબ ચેનલ દ્વારા ઓનલાઈન યુ.પી.એસ.સી.ના કોચિંગ ક્લાસ ચલાવવામાં આવે છે. આ કામગીરી દરમિયાન ખંભાળિયા, દ્વારકા, આણંદ,અંબાજી તેમજ પહાડી (ડિગ - રાજસ્થાન)ના જુદા જુદા પોલીસ મથકમાં નોંધાયેલા છેતરપિંડી, ઓનલાઈન ફ્રોડ, આઈ.ટી. એક્ટ વિગેરેના જુદા જુદા ગુનાઓનો ભેદ ખુલવા પામ્યો છે. આ સમગ્ર કાર્યવાહી સાયબર ક્રાઈમ સેલના પી.આઈ. એ.વાય. બ્લોચ, પી.એસ.આઈ. એસ.આર. ઝાલા, સુનિલભાઈ કાંબલીયા, એમ.એચ. ચૌહાણ, ધરણાંતભાઈ બંધિયા, મુકેશભાઈ કેસરિયા, હેમતભાઈ કરમુર, ભરતભાઈ ચાવડા, રાજુભાઈ, હેભાભાઈ, પબુભાઈ વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# તુવેર, ચણા અને રાયડાના ટેકાના ભાવ જાહેર કરાયા

## પ્રતિ ક્વિન્ટલ તુવેર રૂા.૭૦૦૦, ચણા રૂા.૫૪૪૦ અને રાયડાની રૂા.૫૬૫૦ ટેકાના ભાવે ખરીદી થશે : જૂનાગઢ જીલ્લાના ખેડૂતોએ તા. ૨૯ ફેબ્રુઆરી સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે

જૂનાગઢ, તા.૬

ભારત સરકાર દ્વારા ખરીફ-રવિ-૨૦૨૩-૨૪ માટે પ્રાઈઝ સપોર્ટ સ્કીમ હેઠળ ટેકાના ભાવે તુવેર ચણા અને રાયડાની ખરીદીનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણય મુજબ પ્રતિ ક્વિન્ટલ તુવેર રૂા. ૭૦૦૦, ચણા રૂા.૫૪૪૦ અને રાયડાના રૂા. ૫૬૫૦ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યો છે. આ પ્રાઈઝ સપોર્ટ સ્કીમ હેઠળ ટેકાના ભાવે તુવેર ચણા અને રાયડાના વેચાણ માટે તા.૫-૨-૨૦૨૪ થી તા.૨૯-૨-૨૦૨૪ સુધી નોંધણી કરવામાં આવશે.

ગ્રામ્ય કક્ષાએ ઈ ગ્રામ કેન્દ્ર ખાતે વીસીઈ મારફતે નોંધણી નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર કરવામાં આવશે. જેમાં જૂનાગઢ જિલ્લાના ખેડૂતો વધુમાં વધુ ટેકાના ભાવે ખરીદી અંગેનું રજીસ્ટ્રેશન કરે અને મહત્તમ ટેકાના ભાવે ખરીદીનો લાભ લેવા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જૂનાગઢમાં રોજગાર કચેરી દ્વારા તા.૮મી ફેબ્રુઆરીએ ભરતી મેળો યોજાશે

જૂનાગઢ તા.૬

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ ભારતી એક્સા લાઈફ ઈન્સ્યુરન્સ કંપની લી. જૂનાગઢ, ઈન્ટીટી મોટર્સ જૂનાગઢ, આર.કે.બી.એસ. એન્ટરપ્રાઈઝ જૂનાગઢ તથા કમ્ફર્ટ ક્રેઈન એન્ડ ફેબ્રીકેશન, રાજકોટ એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ સેલ્સ મેનેજર સેલ્સ એકઝુકેટીવ, માર્કેટીંગ એકઝુકેટીવ, એકાઉન્ટન્ટ, ટેલીકોલર, ઓફિસ બોય, વેલ્ડર, ઈલેકટ્રીશીયન, વાયરમેન, હેલ્પરની જગ્યાઓ માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ એસ.એસ.સી, એચ.એસ.સી, આઈ.ટી.આઈ. ડિપ્લોમા કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગારવાંચ્છુઓ માટે ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, 'બી' વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન જૂનાગઢ ખાતે તા.૮/૨/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે કરવામાં આવેલ છે. પ્રસ્તુત ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર વાંચ્છુઓએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ ઉપર ઉપસ્થિત થવાનું રહેશે. ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ સંપર્ક કરવાનો રહેશે.

# આલ્ફા પ્રાયમરી સ્કુલ - જૂનાગઢમાં એન્યુઅલ ફંકશનનો યોજાશે કાર્યક્રમ

જૂનાગઢ, તા.૬

આલ્ફા પ્રાયમરી સ્કૂલના સંચાલક જી.પી. કાઠીની યાદી જણાવે છે કે આલ્ફા પ્રાયમરી સ્કૂલના ધોરણ-લોઅર કે.જી., હાયર કે.જી. અને ધોરણ-૧ થી ૭ ના વિદ્યાર્થીઓ દ્વારા એન્યુઅલ ફંકશન – ૨૦૨૪ નું આયોજન તા.૯/૨/૨૦૨૪ ને શુક્રવારે સાંજના ૬:૩૦ કલાકે આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલના ગ્રાઉન્ડમાં કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ભાજપ મહાનગર જૂનાગઢના પૂર્વ પ્રમુખ કરશનભાઈ ધડૂક, પૂર્વ પ્રમુખ અનિલભાઈ પટોડીયા, સિનિયર એડવોકેટ પી.ડી.ગઢવી, હરીશભાઈ દેસાઈ, ભરતભાઈ રાવલ, મહાસાગર પ્રાયવેટ લિમિટેડના એમ.ડી.કાળુભાઈ સુખવાણી, શ્રી જગતભાઈ મશરૂ, ઈકબાલભાઈ મારફતીયા, નોબલ સ્કૂલના સંચાલક કે.ડી. પંડયા, કાલરીયા સ્કૂલના સંચાલક રતિભાઈ મારડીયા, પ્રેમાનંદ સ્કૂલના સંચાલક માતંગભાઈ પુરોહિત, જી.એસ.પી.સ્કૂલના સંચાલક અમુભાઈ પાનસુરીયા, વેલકમ સ્કૂલના સંચાલક શ્રીમતિ પૂર્ણિમાબેન વારા, બાર એસોશીયન જૂનાગઢના પૂર્વ પ્રમુખ ભાવેશભાઈ ઝીંઝુવાડિયા, કૃષિ યુનિર્વસીટીના પૂર્વ પ્રિન્સિપાલશ્રી બી. કે. સગારકા અને સ્ટુન્ડટ વેલફેર કુષિ યુનિર્વસીટીના પૂર્વ ડાયરેકટર વૈદેભાઈ માલમ ઉપસ્થિત રહેશે.

આ એન્યુઅલ ફંકશનની ખૂબ જ સુંદર તૈયારી કરવા માટે સ્કૂલના સહસંચાલક ચેતનભાઈ કાઠીએ, પ્રિન્સિપાલે અને શાળાના તમામ ટીચર્સે જહેમત ઉઠાવીને ૨૭ જેટલી કૃતિઓ તૈયાર કરવામાં આવેલ છે. આ એન્યુઅલ ફંકશનમાં ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ રહ્યા છે.

# અદાણીનો USD ૧.૨ બિલિયનના રોકાણ સાથે કચ્છમાં નિર્માણાધિન કોપર પ્લાન્ટ ભારતના ધાતુ ક્ષેત્રના ચળકાટમાં અભિવૃધ્ધિ કરશે

અમદાવાદ, તા.૬

અબજોપતિ ગૌતમ અદાણીના વડપણ હેઠળના વૈવિધ્યસભર ઉદ્યોગોના ભારતના શિરમોર અદાણી સમૂહનો ગુજરાતમાં કચ્છના મુંદ્રા ખાતે ફક્ત એક જ સ્થળ ઉપર યુએસડી ૧.૨ બિલિયનના મૂડી રોકાણથી. નિર્માણ પામી રહેલો વિશ્વનો સૌથી મહાકાય તાંબાનો ઉત્પાદન પ્લાન્ટ ધાતુ (મેટલ)ના ઉત્પાદન ક્ષેત્રની કાયાપલટ કરવા ઉપરાંત તાંબાની આયાત ઉપર ભારતની નિર્ભરતા ઘટાડવામાં અને ઊર્જા સંક્રમણમાં ગણનાપાત્ર મદદ કરશે.

અદાણીને ચરલરી સોર્સઝના સી.ઈ.ઓ. અને કચ્છ કોપર લિ. નામે નેજિંગ ડિરેક્ટર ડો.વિનય પ્રકાશે આમાહિતી આપતા કહ્યું હતું કે, મબલખ રોકાણ ધરાવતી તાંબા ઉત્પાદનની આ સુવિધા હેઠળ પ્રથમ તબક્કકાની કામગીરીનો આવતા માર્ચ માસના અંત સુધીમાં આરંભ કરવામાં આવશે અને નાણાકીય વર્ષ-૨૯ના માર્ચ મહિના સુધીમાં એક મિલિયન ટનની ક્ષમતા હાંસલ કરવામાં આવશે,

તેમણે કહ્યું કે ફોસિલ ફ્યુઅલ યાને કે અશ્મિભૂત ઇંધણથી સંક્રમણથી દૂર હટવા માટે નિર્ણાયક તાંબાના ઉત્પાદનમાં ઝડપથી વધારો કરી રહેલા ચીન અને અન્ય દેશોમાં આ પ્રોજેકટ સાથે ભારત જોડાયું છે તે એક મહત્વનો ટર્નિંગ પોઇન્ટ છે.ઈલેક્ટ્રિક વાહનો માટેનું ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, .સોલર ફોટોવોલ્ટેઈક્સ (PV), પવન અને બેટરી જેવા ઉર્જા સંક્રમણ માટે મહત્વપૂર્ણ ટેક્નોલોજીઓમાં તાંબાની જરૂર પડે છે.

ડો. વિનય પ્રકાશે જણાવ્યું હતું કે અદાણી સમૂહની મુખ્ય અદાણી એન્ટર પ્રાઈઝ લિ.(AEL) ની પેટા કંપનીકચ્છ કોપર લિમિટેડ (KCL) બે તબક્કામાં વાર્ષિક એક મિલિયન ટનની ક્ષમતા સાથે રિફાઈન્ડ કોપરના ઉત્પાદન માટે ગ્રીનફિલ્ડ કોપર રિફાઇનરી પ્રોજેક્ટની સ્થાપના કરી રહી છે. પ્રોજેક્ટના ફંડીંગ વિષે તેમણે કહ્યું હતું કે કચ્છ કોપર લિ.એ. વાર્ષિક ૫ લાખ ટનની ક્ષમતાના પ્રથમ તબક્કા માટે જૂન -૨૨ માં સિન્ડિકેટેડ ક્લબ લોન દ્વારા ફાયનાન્સિયલ ક્લોઝર હાંસલ કર્યું હતું.

"તાંબાના વ્યવસાયમાં અદાણી વૈશ્વિક નેતૃત્વ લેવાનો ઈરાદો ધરાવે છે, અદાણી સમૂહ તેની રિસોર્સ ટ્રેડિંગ, લોજિસ્ટિક્સ, રિન્યુએબલ પાવર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મજબૂત સ્થિતિનો લાભ ઉઠાવી નવા ક્ષેત્રોમાં આગળ વધી રહ્યું છે," એમ જણાવતા તેમણે હતું.કે " ૨૦૩૦ સુધીમાં વિશ્વનું સૌથી મોટું કોપર સ્મેલ્ટિંગ સંકૂલ બનવાનું કંપનીનુંલક્ષ્ય છે."

તેમણે કહ્યું કે ભારતનો અંદાજે માથાદીઠ તાંબાનો વપરાશ વૈશ્વિક સરેરાશ ૩.૨ કિગ્રાની તુલનામાં ૦.૬ કિગ્રાનો છે.સ્વચ્છ ઉર્જા પ્રણાલીઓ તરફ ભારતની ગતિ, ઈલેક્ટ્રિક વાહનોનો વધતો પ્રવેશ અને તેની સાથે સંકળાયેલા ઘણા બધા કાર્યક્રમોને જોતા ૨૦૩૦ સુધીમાં સ્થાનિક તાંબાની માંગ બમણી થવાની અપેક્ષા છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ અંગે વધુ વિગતો આપતા તેમણે કહ્યું હતુઃ કે"અદાણી સમૂહ ઉર્જા સંક્રમણના ક્ષેત્રમાં ભારે રોકાણ કરી રહ્યું છે, જેમાં તાંબુ મહત્ત્વની ભૂમિકા ભજવશે. તે પોતાની વર્તમાન ક્ષમતાઓ ધરાવતા ઔદ્યોગિક પ્રકલ્પોના નજીકના ક્ષેત્રોમાં વિસ્તરી રહ્યું છે, જે કોપરના વ્યવસાયને વ્યૂહાત્મક રીતે ઉચિત બનાવે છે," તેમણે ઉમેર્યુંહતું. કે સ્ટીલ અને એલ્યુમિનિયમ બાદ.કોપર એ ત્રીજી સૌથી વધુ ઉપયોગમાં લેવાતી ઔદ્યોગિક ધાતુ છે અને ઝડપથી વિકસતા રિન્યુએબલ એનર્જી, ટેલિકોમ અને ઈલેક્ટ્રિક વાહન ઉદ્યોગોને કારણે તેની માંગ વધી રહી છે.

# માંગરોળ તાલુકાના લોએજ ગામે વાળા પરિવાર દ્વારા થયેલ ચક્ષુદાન

(નિલેશ રાજપરા દ્વારા)

જૂનાગઢ, તા.૬

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના લોએજ ગામમાં તા. ૦૫/૦૨/૨૦૨૪ ને સોમવાર,પોષ વદ દસમના રોજ સ્વ.મારખીભાઈ મેરામણભાઈ વાળા નું દુઃખદ અવસાન થયેલ છે, જેઓ શીલ P.H.C.માં ફરજ બજાવતા અને શિવમ્ ચક્ષુદાન આરેણા સાથે સંકળાયેલ તેમજ નેત્ર કલેક્શન માટે હરહંમેશ તત્પર એવા ગોવિંદભાઈ મારખીભાઈ વાળાના પિતાશ્રી થાય છે.



આ દુઃખદ સમયે તેમના પરિવાર દ્વારા સ્વ.મારખીભાઈના ચક્ષુનું દાન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આથી ડો.વિરમભાઈ દ્વારા શિવમ ચક્ષુદાન આરેણાના સંચાલકને જાણ કરતા, લોએજ ગામના રાજેશભાઈ સોલંકી તથા રાણાભાઈ ચાંડેરાએ મૃતકના બન્ને ચક્ષુ લઈ ડો.થાનકીની મુનિ સંત બાલાજી આઈ બેંક અને હોસ્પિટલ વેરાવળ,જિ.ગીર સોમનાથને કરશનભાઈ વાજા દ્વારા પહોંચાડવામાં આવ્યાં હતાં. આજના આ ચક્ષુદાનનો સ્વિકાર ગૌતમભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યો હતો.

# પોલીસ તથા ટી.આર.બી.ની વર્તણુક બાબતે હેલ્પલાઈન શરૂ કરાઈ

પ્રાંચી, તા.૬

પ્રાચી તીર્થ. સુત્રાપાડા પોલીસ દ્વારા વિગત જણાવતા કહેવાયું છે કે પોલીસ તથા ટી.આર.બી ની વર્તણુક બાબતે મતલબ પોલીસ કર્મચારી દ્વારા વાણી વર્તન દ્વારા તમને પરેશાન કરે તો પોલીસ વિરુદ્ધ તમે હેલ્પલાઈન નંબર ૧૪૪૪૯ ડાયલ કરીને આ હેલ્પલાઈનનો લાભ લઈને ફરિયાદ કરી શકો છો તો લોકોને આ હેલ્પલાઈનનો લાભ લેવા સુત્રાપાડા પોલીસ દ્વારા અનુરોધ કરાયો છે.

# ભારતમાં પુરૂષોમાં ફેફસા અને સ્ત્રીઓમાં સ્તન કેન્સરનાં વધુ કેસ

## ડબલ્યુએચઓના અનુમાન મુજબ ભારતમાં ૨૦૨૨માં કેન્સરના ૧૪.૧ લાખથી વધુ નવા કેસો સામે આવ્યા, ૭૫ વર્ષની ઉમર પહેલા કેન્સર થવાનું જોખમ ૧૦.૬ ટકા

નવી દિલ્હી, તા.૬

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ)ના અનુમાન મુજબ, ૨૦૨૨માં, ભારતમાં કેન્સરના ૧૪.૧ લાખથી વધુ નવા કેસો સામે આવ્યા અને આ ગંભીર બીમારીને કારણે ૯.૧ લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. ઈન્ટરનેશનલ એજન્સી ફોર રિસર્ચ ઓન કેન્સર (આઈએઆરએસી)ના અંદાજ મુજબ, પુરુષોમાં હોઠ, મોં અને ફેફસાંનું કેન્સર સામાન્ય હતું, જે નવા કેસોમાં અનુક્રમે ૧૫.૬ ટકા અને ૮.૫ ટકા છે. જ્યારે સ્ત્રીઓમાં સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સર સૌથી સામાન્ય હતું. જે નવા કેસોમાં અનુક્રમે ૨૭ અને ૧૮ ટકા છે. આઈએઆરસીએ ડબલ્યુએચઓની કેન્સર એજન્સી છે. આ રિસર્ચમાં એવું પણ જાણવા મળ્યું હતું કે ભારતમાં કેન્સરથી પીડિત હોવાની માહિતી મળ્યા બાદ પાંચ વર્ષ સુધી જીવતા લોકોની સંખ્યા લગભગ ૩૨.૬ લાખ છે. વૈશ્વિક સ્તરે, એજન્સીનો કેન્સરના ૨ કરોડ નવા કેસ અને ૯૭ લાખ મૃત્યુ, તેમજ કેન્સરની જાણ થયા બાદ પાંચ વર્ષ સુધી લગભગ ૫.૩ કરોડ લોકો જીવીત હોવાનો અંદાજ છે. દર પાંચમાંથી એક વ્યક્તિ કેન્સરથી પીડાય છે અને દર નવમાંથી એક પુરુષ અને દર ૧૨માંથી એક સ્ત્રીનું આ રોગથી મૃત્યુ થાય છે. ભારતમાં, ૭૫ વર્ષની ઉમર પહેલા કેન્સર થવાનું જોખમ ૧૦.૬ ટકા છે, જ્યારે સમાન વય જૂથમાં કેન્સરથી મૃત્યુ થવાનું જોખમ ૭.૨ ટકા છે. વૈશ્વિક સ્તરે, આ જોખમો અનુક્રમે ૨૦ ટકા અને ૯.૬ ટકા છે. ડબલ્યુએચઓએ ૧૧૫ દેશોના સર્વેના પરિણામો પ્રકાશિત કર્યા અને કહ્યું કે મોટાભાગના દેશો યુનિવર્સલ હેલ્થ કવરેજ (UHC)ના ભાગ રૂપે કેન્સર અને પેઈન કેર સેવાઓને પૂરતા પ્રમાણમાં નાણાં આપતા નથી. આઈએઆરસીના અનુમાન અનુસાર, ૨૦૨૨માં વૈશ્વિક સ્તરે લગભગ બે તૃતીયાંશ નવા કેસો અને મૃત્યુમાં ૧૦ પ્રકારના કેન્સર સામેલ હતા.

તેમના ડેટામાં ૧૮૫ દેશો અને ૩૬ પ્રકારના કેન્સરને આવરી લે છે. વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે ફેફસાનું કેન્સર એ સામાન્ય કેન્સર છે અને કેન્સરથી થતા મૃત્યુનું મુખ્ય કારણ પણ છે, જે કેન્સરથી થતા કુલ મૃત્યુના લગભગ ૧૯ ટકા છે. આ ઉપરાંત આઈએઆરસીએ શોધી કાઢ્યું છે કે સ્ત્રીઓમાં સ્તન કેન્સર બીજા નંબરનું સામાન્ય કેન્સર છે અને વૈશ્વિક સ્તરે થતાં મૃત્યુમાં સાત ટકા સ્તન કેન્સરથી થાય છે. ડેટા અનુસાર, સર્વાઈકલ કેન્સર વૈશ્વિક સ્તરે આઠમું સામાન્ય કેન્સર હતું અને કેન્સરથી થતાં મૃત્યુમાં નવમું મુખ્ય કારણ હતું. એજન્સીએ જણાવ્યું હતું કે તમાકુ, આલ્કોહોલ અને સ્થૂળતા કેન્સરના વધતા કેસ પાછળ મુખ્ય પરિબળો છે.

# પાયલટ અને કો-પાયલટને જમવાનું અલગ-અલગ આપવામાં આવે છે

નવી દિલ્હી, તા.૫

વિમાનમાં મુસાફરી કરતી વખતે તમે જોયું જ હશે કે પ્લેનમાં બે પાયલટ હોય છે. જ્યારે ફલાઈટ લાંબા અંતરની હોય, ત્યારે મુસાફરોની જેમ, પાયલટ પણ ફલાઈટમાં જ તેમનું લંચ અને ડિનર લે છે. પરંતુ શું તમે જાણો છો કે પાયલટ અને કો-પાયલટ બંનેને એક જ પ્રકારનો ખોરાક નથી આપવામાં આવતો. આજે અમે તો, તેવી સ્થિતીમાં બંને પાયલટ બીમાર ન પડે. સાદી ભાષામાં ફૂડ પોઈઝનિંગથી બચવા માટે અલગથી ખોરાક આપવામાં આવે છે. કારણકે ફલાઈટમાં ઘણા મુસાફરો હોય છે અને તેમની સુરક્ષાની જવાબદારી પાયલટની હોય છે. અલગ ભોજન આપવાનો હેતુ એ છે કે જો ફૂડ પોઈઝનિંગ થાય તો બેમાંથી એક પાયલટ સુરક્ષિત રહે. મળતી માહિતી મુજબ વર્ષ તમામ સભ્યોને ગંદુ ખાવાના કારણે ફૂડ પોઈઝનિંગ થઈ ગઈ હતી. ત્યારબાદ તેને તાવ, ઉલ્ટી અને ઝાડા થઈ ગયા હતાં. ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, ફૂડ પોઈઝનિંગને કારણે એક વ્યક્તિનું મોત પણ થયું હતું. આ સમયગાળા દરમિયાન, પાયલટને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો અને ઘણી મુશ્કેલી સાથે ફલાઈટનું લેન્ડિંગ કરવું પડ્યું હતું. ૨૦૧૨માં, [redacted]

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

## સમુદ્રમાં સૈન્ય સફળતાઓનો વિક્રમ

આ એક વિક્રમ જ છે કે આપણા નૌકાદળે ૨૪ કલાકની અંદર બે જહાજોને સમુદ્રી લૂંટારાઓથી સુરક્ષિત છોડાવ્યાં. બંને જહાજો પર ઈરાનના ઝંડા હતા. બીજા જહાજ પર તો ૧૯ પાકિસ્તાની નાગરિકો પણ સવાર હતા. આપણે આ સફળતા કૂટનીતિ અને બળપ્રયોગથી હાંસલ કરી, જે દર્શાવે છે કે સમુદ્રમાં હવે આપણે કેટલા સક્ષમ થઈ ગયા છીએ.

જોકે સમુદ્રમાં ભારતીય નૌકાદળ ક્યારેય કમજોર નથી રહ્યું. ૧૯૭૧નું યુધ્ધ કોણ ભૂલી શકે, જેમાં બાંગ્લાદેશનું નિર્માણ કરવામાં આવ્યું હતું. એ યુદ્ધમાં ભારતીય નૌકાદળે ઘણી ઉલ્લેખનીય ભૂમિકા ભજવી હતી. અસલમાં પાકિસ્તાન જ્યારે આપણને સતત પરેશાન કરતું રહ્યું, તો જનરલ માણેક શોના નેતૃત્વમાં ભારતની જળ, થળ અને વાયુસેનાએ નક્કી કર્યું કે ૩-૪ ડિસેમ્બરની રાત્રે પાકિસ્તાન પર ચોતરફી હુમલો કરવામાં આવશે. એમ માનવામાં આવ્યું કે જો આપણે પૂર્વમાં કંઈક કરીશું તો પાકિસ્તાન તેનો બદલો પશ્ચિમમાં લેશે, જે બાદમાં સાચું સાબિત થયું. તેથી આપણી રણનીતિ બની કે પાકિસ્તાનના સૌથી મોટા બંદર કરાચીને ધ્વસ્ત કરી દેવામાં આવે, કારણ કે ત્યાંથી નૌકાદળનું સંચાલન થતું હતું અને તે તેનું સૌથી મોટું વ્યાવસાયિક બંદર પણ હતું. સાથે જ પૂર્વી પાકિસ્તાનના બંદરને પણ નષ્ટ કરવાની યોજના બની, જેથી ત્યાં તેના સૈનિકોને ઘેરી લેવામાં આવે.

કરાચી પર હુમલાની મુશ્કેલી હતી. આપણી મિસાઇલ બોટ નાની હતી અને તે વધુ સમય સુધી સમુદ્રમાં રહી શકે તેમ ન હતી. તેના પર તૈનાત મિસાઇલો એક નિશ્ચિત અંતરથી જ કરાચી બંદરને નિશાન બનાવી શકે તેમ હતી. તેથી બેતરફી યોજના બની. આ મિસાઇલ બોટ મુંબઈમાં તૈનાત હતી, તો મોટાં જહાજ તેને ખેંચીને થોડે દૂર સુધી લઈ ગયાં જેથી તેનું ઈંધણ ઓછું વપરાય. બીજી યોજના અંતર્ગત કેટલીક મિસાઇલ બોટને પોરબંદર લાવવામાં આવી, જ્યાંથી ઈંધણ ભરીને તે કરાચી તરફ કૂચ કરે. ૩-૪ ડિસેમ્બરની રાત્રે આપણી ચાર મિસાઇલ બોટ આ જ યોજના અંતર્ગત પોરબંદર અને મુંબઈથી નીકળી. તમામ પર ચાર-ચાર મિસાઇલો હતી. આ તમામ જ્યારે કરાચીથી નિયત અંતરે પહોંચી, તો તેમણે તાબડતોબ હુમલો કરી દીધો. આ બધું એટલું ઝડપથી થયું કે પાકિસ્તાનને વિચારવાનો સમય પણ ન મળ્યો. તેનાથી કરાચી બંદર પર રહેલા તેલના ભંડારમાં આગ લાગી ગઈ અને ત્યાં રહેલા તમામ વ્યાવસાયિક અને જંગી જહાજો નષ્ટ થઈ ગયા. ભારતીય નૌકાદળની આ જ સફળતાને કારણે ૪ ડિસેમ્બરે નૌસેના દિવસ મનાવવામાં આવે છે.

આ તરફ પૂર્વી તટ પર વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રાંતને તૈનાત કરવામાં આવ્યું, જેના પર સીહોક જેવાં યુદ્ધ વિમાન તૈનાત હતાં. જ્યારે જોવામાં આવ્યું કે પૂર્વી પાકિસ્તાનનાં બંદરો પર હલચલ તેજ થઈ ગઈ છે, તો આ જહાજ પર તૈનાત વિમાનો ત્યાં જોરદાર બોમ્બમારો કર્યો, જેનાથી પાકિસ્તાની સૈનિકોનો જુસ્સો તૂટી ગયો. તેઓ કાં તો અહીંથી ભાગી છૂટ્યા અથવા તેમની જરૂરિયાતોને પૂરી કરવા માટે પશ્ચિમી પાકિસ્તાનથી કોઈ મદદ ન આવી શકી. તેણે પાકિસ્તાની કમાંડર અને ૯૩,૦૦૦ સૈનિકોને આત્મસમર્પણ માટે મજબૂર કરી દીધા. જોકે, તેના પહેલાંની એક ઘટના બહુદ દિલચસ્પ છે. પાકિસ્તાને પોતાની સબમરીન ગાઝીને પૂર્વી તટ પર તૈનાત કરી હતી, જેથી તે વિક્રાંતને ડૂબાડી શકે. પરંતુ ગાઝીને ચેતરવા માટે ભારતીય નૌકાદળે આઈએનએસ રાજપૂતનો ઉપયોગ કર્યો, જે સમુદ્રમાં સુરક્ષા કાર્યો માટે તૈનાત હતું. તે સંચાર માધ્યમોથી એ પ્રકારનો જવાબ આપતું રહ્યું, જાણે તે જ વિક્રાંત હોય. આ કારણે ગાઝી વિશાખાપટ્ટનમની આસપાસ જ ભટકતી રહી અને બાદમાં આપણા સૈનિકોને તેને પણ તોડી પાડી.

અહીં એક ઘટનાનો ઉલ્લેખ જરૂરી છે. પશ્ચિમી તટ પર આપણું યુદ્ધજહાજ આઈએનએસ ખુકરી પાકિસ્તાની હુમલાનો શિકાર થઈ ગયું. આ જહાજના કેપ્ટન મહેન્દ્રનાથ મુલ્લા પોતાના સૈનિકોનો સાથ છોડવા તૈયાર ન થયા અને વીરગતિને પ્રાપ્ત થયા. નેતૃત્વની આ ભૂમિકા માટે તેમને મરણોત્તર મહાવીર ચક્રથી પણ સન્માનિત કરવામાં આવ્યા. વાસ્તવમાં નેતૃત્વની આ ભૂમિકા ભારતીય સૈનિકોના લોહીમાં છે. આપણા જહાજ વિશાળ સમુદ્રમાં અવિરત નેતૃત્વની ભૂમિકામાં હોય છે. તેની જાણ ત્યાંના ઘટનાક્રમોથી પણ થતી રહે છે.

સમુદ્રમાં ભારતીય નૌકાદળ બે પ્રકારના ખતરાનો સામનો કરે છે. એક, જ્યારે દુશ્મન દેશ સામે લડાઈ હોય, એટલે કે પારંપરિક પડકાર. અને બીજું, શાંતિકાળ સમયે સમુદ્રી ડાકુઓ, માનવ વ્યાપાર કરનારાઓ, તસ્કરો વગેરેથી મળનારા પડકારોનો. આપદા પ્રબંધનનાં કામોમાં તો આપણે ઘણા આગળ ગણાઈએ છીએ. આ બધું આંતરરાષ્ટ્રીય નિયમો અંતર્ગત કરવામાં આવે છે. હિંદ મહાસાગરમાં જ આપણે તમામ જહાજોની સુરિક્ષત આવાજાહીમાં એટલા માટે મદદ કરવી આપણી જવાબદારી માનીએ છીએ, કારણ કે સંયુક્ત રાષ્ટ્ર સમુદ્રી કાનૂન સંધિ અંતર્ગત નિર્બાધ આવાજાહીનો હક્ક તમામ જહાજોને છે. આપણે ૨૦૦૮થી લાલ સાગરમાં હાજર છીએ. ભારતીય નૌકાદળ એટલા માટે પણ અહીં નેતૃત્વની ભૂમિકામાં હોય છે, કારણ કે હિંદ મહાસાગરના દેશોમાં આપણે સૌથી તાકાતવર છીએ. અમેરિકા, બ્રિટન જેવા દેશો તો અહીં બહારના મનાય છે. હા, હવે જોકે ભૂરાજકીય બદલાવને કારણે શાંતિકાળની ઘટનાઓ ઘણી વધી ગઈ છે, તેથી હંમેશાં મદદગાર રહેલી ભારતીય નૌકાદળની ભૂમિકા પણ વ્યાપક બની જાય છે.

ભારતીય નૌકાદળ કૂટનીતિક ભૂમિકા ખૂબ નિભાવે છે. જે દેશ સાથે આપણા સંબંધો છે, આપણે તેની સાથે સમુદ્રી સુરક્ષા સંબંધી સમજૂતી કરીએ છીએ. તે અંતર્ગત દ્વિપક્ષીય અભ્યાસ પણ કરવામાં આવે છે, જેથી એકબીજાને સમજી શકીએ અને સમય આવ્યે એકબીજાની મદદ કરી શકીએ. તેથી લાલ સાગરમાં અમેરિકા અને બ્રિટનનાં યુદ્ધજહાજ તરતાં રહે છે અને જ્યારે વ્યાવસાયિક જહાજ અહીંથી આગળ વધે છે તો ભારતીય નૌકાદળ તેમની સુરક્ષા કરે છે. આપણે સમુદ્રમાં વિશેષ અભિયાન પણ ચલાવીએ છીએ. આપણા કમાંડર ઘણા દક્ષ માનવામાં આવે છે. આપણે કેટલાંય ગુપ્ત અભિયાનોને અંજામ આપ્યો છે.

વાસ્તવમાં ૩૦૦૦ કિલોમીટર સુધી ફેલાયેલા હિંદ મહાસાગરમાં કોઈ એક દેશ બધાને સુરક્ષા ન આપી શકે. અહીંથી દર વર્ષે ૧.૯ લાખ વ્યાવસાયિક જહાજો પસાર થાય છે, તેથી અહીંના પડકારોનો સામનો કરવા તમામ દેશો એક સાથે આવે છે. સારી વાત છે કે ભારતીય નૌકાદળની ભૂમિકા સતત વ્યાપક થતી જાય છે. એનાથી આપણે સ્વાભાવિક રીતે જ એ શક્તિશાળી દેશોની કતારમાં ઊભા થઈ જઈએ છીએ, જે પોતાની સુરક્ષાની સાથે સાથે અન્ય દેશોની રક્ષા પણ કરે છે. આ સમુદ્રમાં આપણા વધતા દબદબાનો સંકેત છે.

### મોદીના કોંગ્રેસ સહિત વિપક્ષી પાર્ટીઓ પર આકરા પ્રહાર

# કોંગ્રેસે આશાસ્પદ વિપક્ષી નેતાઓને આગળ આવવા દીધા નથી : મોદી

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ બાદ ધન્યવાદના પ્રસ્તાવના જવાબો આપ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૫ ફેબ્રુઆરી, સોમવારના રોજ લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ અંગે આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બજેટ સત્રના પહેલા દિવસે ૩૧ જાન્યુઆરીએ સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરી હતી. આ દરમિયાન રાષ્ટ્રપતિએ સરકારની ઉપલબ્ધિઓ ગણાવી હતી. આજે ધન્યવાદ પ્રસ્તાવનો જવાબ આપતા વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ સહિત વિપક્ષી પાર્ટીઓ પર આકરા પ્રહારો કર્યા હતા. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, હું વિપક્ષના પ્રસ્તાવની પ્રશંસા કરું છું. વિપક્ષે લાંબા સમય સુધી વિપક્ષી બેન્ચ પર બેસવાનો સંકલ્પ કર્યો છે. ભગવાન તમારી મનોકામના પૂર્ણ કરે. વિપક્ષે જે સંકલ્પ લીધો છે તેનાથી મારા અને દેશના વિશ્વાસની પુષ્ટિ થઈ છે. તેઓએ લાંબા સમય સુધી ત્યાં રહેવાનો સંકલ્પ કર્યો છે. જેમ તેઓ ઘણા દાયકાઓથી અહીં બેઠા હતા, તે જ રીતે તેઓ ઘણા વર્ષો સુધી ત્યાં બેઠા હશે. દાયકાઓ પણ. તેથી તમારો ત્યાં બેસવાનો સંકલ્પ જનતા પૂર્ણ કરશે. વડાપ્રધાન મોદીએ પરિવારવાદને લઈને પણ કોંગ્રેસની ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ પાસે સારો વિપક્ષ બનવાની મોટી તક હતી. ૧૦ વર્ષ ઘણો લાંબો સમય હતો. પરંતુ તેઓ આ કાર્યમાં પણ નિષ્ફળ ગયા. રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ હવે એ જ પ્રોડક્ટને લોન્ચ કરવાના વારંવારના પ્રયાસો પછી દુકાન બંધ કરવાની અણી પર છે. વંશવાદની રાજનીતિને લઈને વિપક્ષો પર ખાસ કરીને કોંગ્રેસને નિશાન બનાવતા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, રાજનાથજીનો કોઈ પક્ષ નથી. અમિત શાહનો કોઈ પક્ષ નથી. કોંગ્રેસ પાર્ટીએ દેશવાસીઓની ક્ષમતા પર વિશ્વાસ નથી મૂક્યો. કોંગ્રેસ દેશવાસીઓની ક્ષમતાને ઓછી આંકી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, આ ચૂંટણીનું વર્ષ હતું, તમારે સખત મહેનત કરવી જોઈતી હતી, જનતાને સંદેશો આપવો જોઈતો હતો, પરંતુ તમે આમાં પણ નિષ્ફળ ગયા. આજે વિપક્ષની હાલત માટે કોંગ્રેસ પાર્ટી જવાબદાર છે. કોંગ્રેસે પ્રતિભાશાળી વિપક્ષના લોકો આવવા નથી દીધા. ગૃહમાં ઘણા સાંસદો છે, પરંતુ તેમને બોલવાની તક આપવામાં આવી રહી નથી. કોંગ્રેસ પર કટાક્ષ કરતા પીએમ મોદીએ કહ્યું હતું કે, ક્યાં સુધી તમે ટુકડાઓમાં વિચારતા રહેશો? ક્યાં સુધી તમે સમાજમાં ભાગલા પાડતા રહેશો? જ્યાં સુધી વસ્તુઓ સારી થશે ત્યાં સુધી, આ ચર્ચા દરમિયાન ઓછામાં ઓછી કેટલીક સકારાત્મક વાતો તો કહેવાઈ હશે. કેટલાક સૂચનો આવ્યા હશે, પરંતુ દર વખતે આ રીતે વિપક્ષે દેશને ઘણો નિરાશ કર્યો છે. વિપક્ષની આ હાલત માટે કોંગ્રેસ સંપૂર્ણપણે જવાબદાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, હું જોઉં છું કે તમારા (વિપક્ષ)માંથી ઘણા લોકોએ ચૂંટણી લડવાની હિંમત ગુમાવી દીધી છે. મેં સાંભળ્યું છે કે ઘણા લોકો સીટો બદલવાની યોજના બનાવી રહ્યા છે. ઘણા લોકો લોકસભાને બદલે રાજ્યસભામાં જવા માંગે છે. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, રાષ્ટ્રપતિનું સંબોધન એક રીતે, હકીકતો પર આધારિત, વાસ્તવિકતા પર આધારિત એક વિશાળ દસ્તાવેજ છે, જે રાષ્ટ્રપતિ દેશ સમક્ષ લાવે છે. જો તમે આ સંપૂર્ણ દસ્તાવેજ જુઓ છો, તો તે વાસ્તવિકતાને સામેલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જેના કારણે દેશ ઝડપી ગતિએ આગળ વધી રહ્યો છે. રાષ્ટ્રપતિએ ગતિવિધિઓ જે ઝડપે વિસ્તરી રહી છે તેનો હિસાબ આપ્યો છે. રાષ્ટ્રપતિએ ચાર મજબૂત સ્તંભોનો ઉલ્લેખ કર્યો છે. મહિલા શક્તિ, યુવા શક્તિ, ગરીબ અને ખેડૂતો, માછીમારો અને પશુપાલકો. તેમના સશક્તિકરણથી દેશ વિકસિત ભારત બનશે. તેના પર વિપક્ષના નેતા અધીર રંજને કહ્યું હતું કે, લઘુમતી ક્યાં છે? જેના જવાબમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, તમારે ત્યાં મહિલાઓ, યુવાનો, ગરીબો, ખેડૂતો અને માછીમારો કદાચ લઘુમતી નથી? ક્યાં સુધી તમે દેશને ટુકડામાં જોશો?

# શાપર (વેરાવળ)માં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ સંપન્ન



(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૬

રાજકોટ જિલ્લાના શાપર(વેરાવળ) ગામમાં રોટરી કલબ ઓફ રાજકોટ મેટ્રો ઉપક્રમે પી.એમ. નવી કન્યા તાલુકા શાળામાં છાત્ર-છાત્રાઓ, વાલીમાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. ભારતમાં શાળા, લેબોરેટરી, વૈદ્યશાળા, પુસ્તકાલય, યુનિવર્સિટી, રમતગમતની તાતી જરૂરીયાત છે તેની ઉપર વિશદ માહિતી આપવામાં આવી હતી. જાથાનો ૧૦૦૩૧માં કાર્યક્રમને સફળતા મળી હતી. શાપર પોલીસ સ્ટેશને પુરતો બંદોબસ્ત ગોઠવ્યો હતો. કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્દઘાટન રોટરી કલબના મંત્રી સંજયભાઈ નિમાવતે કરી વિજ્ઞાનથી જ માનવને સુખાકારી મળી છે. વિજ્ઞાનની હરણફાળ પ્રગતિમાં માનવીએ જોડાવું કર્તવ્ય બની જાય છે. જાથાની લોકોપયોગી પ્રવૃતિની ભારોભાર પ્રશંસા કરી હતી. શાળાના આચાર્ય બ્રિજેશભાઈ ધાધલે સ્વાગત પ્રવચન સાથે છાત્રાઓ માટે કરવામાં આવતી વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. ચમત્કારીક પ્રયોગો છાત્રાઓ-વાલીને જીવનમાં ઉપયોગી સાબિત થશે. આ પ્રસંગે રોટરી કલબ ઓફ રાજકોટ મેટ્રોના મુકેશભાઈ પટેલ, કિશોરભાઈ રાજપોપટ, નયનાબેન તંતી, શાળાના બ્રિજેશભાઈ ધાધલ, ભાવેશભાઈ ગોહેલ, ગિરીશભાઈ ખુંટ, કપીલભાઈ સોમૈયા, કેલેષભાઈ લાલાણી, રમેશભાઈ ટીલાળા, સ્વાતિબેન સવસેતા, માલતીબેન ગોસ્વામી, હીનાબેન વેગડ, પૂજાબેન જોશી, શિલ્પાબેન પરવડીયા, તેજલબેન મહેતા, ચંદનબેન લીંબડીયા, લતાબેન પરમાર, રમાબેન કોટક, મિરાલીબેન પટેલ વિશેષ હાજરી આપી હતી. જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ છાત્રાઓ, વાલીને સંબોધતા જણાવ્યું કે શિક્ષણ આવવાથી બે નહિ ચાર આંખની દ્રષ્ટિ મળે છે. પરિવારને સુખી સમૃધ્ધ કરવું હોય તો શિક્ષણની આવશ્યકતા અતિ જરૂરી છે. માનવીને મુશ્કેલીના સમયે વિજ્ઞાન દ્રષ્ટિકોણ લાભપ્રદ છે. યુરોપ ખંડની પ્રગતિનો આધાર વિજ્ઞાન સાથે તર્કના મૂલ્યાંકનને આભારી છે. ભારતમાં શાળા, લેબોરેટરી, વૈદ્યશાળા, પુસ્તકાલય, યુનિવર્સિટી, ઉદ્યોગ-રોજગારી કેન્દ્રની માનવ સમાજ માટે ઉપયોગી છે. ધર્મ કે ધાર્મિક

### ભારતમાં શાળા, લેબોરેટરી, વૈદ્યશાળા, પુસ્તકાલયની જરૂર : વિજ્ઞાન જાથા

સ્થાને વિશ્વની એકપણ સમસ્યા ઉકેલી શકયા નથી. ધર્માંધતા માનવીને પાંગળો બનાવે છે. અતિશ્રદ્ધા અંધશ્રદ્ધામાં સરી પડે નહિ તેની અતિ કાળજી રાખવી જોઈએ. અંધશ્રદ્ધાથી માનવીને પાયમાલી મળી છે.

અંધશ્રદ્ધાને દેશવટો આપવો જોઈએ. કોઈપણ ધર્મના નેતાએ પોતાના દેશની એકપણ સમસ્યા ઉકેલી નથી. પોતાની મહત્તા વધારી લોકોને ધાર્મિક ચિહનો, કર્મકાંડ-ક્રિયાકાંડો તરફ દોરી જઈને શારીરિક, માનસિક આર્થિક શોષણ કર્યું છે તેથી જાગવાની જરૂર છે. વધુમાં જયંત પંડયાએ જણાવ્યું કે પુર્વજન્મ, પુનર્જન્મ, આત્મા વિશેષ સચોટ દાખલો આપ્યો તેમાં ધાર્મિક શાસ્ત્રોમાં જે પ્રકારે જન્મ બાબતે વિચાર, મત દર્શાવે છે તે વિજ્ઞાન કસોટીમાં નાપાસ સાબિત થયેલ છે. પ્રથમ આપણે આપણી જાતને જ પૂછીએ આપણો જન્મ થયો તે પહેલા આપણે કયાં હતા ? જેનો જવાબ એ છે કે માતાના ગર્ભમાં આપણો ચોક્કસ ભાગ આપણા પિતાના શરીરમાંના સુક્ષ્મ શુક્રકણ અને બીજો ચોક્કસ ભાગ માતાના શરીરના સુક્ષ્મ રજકણનું માતાના ગર્ભમાં મિલન થતા આપણા દેહનું ત્યાં પ્રથમ પ્રાગ્ટય થયું. એનો અર્થ સમજી શકાય છે કે પહેલા આપણું આ જગતમાં કોઈ સ્થળે અસ્તિત્વ જ હતું નહિ. અર્થાત તે પહેલા આપણો કોઈ પૂર્વજન્મ હતો જ નહિ, કારણકે એ આપણો પ્રથમ અને છેલ્લો જન્મ હોત. જેથી ધાર્મિક શાસ્ત્રોમાં દર્શાવેલી પુર્વજન્મની વાતો કાલ્પનિક, જુઠી, ગપગોળા સાથે છેતરપિંડીયુકત સાબિત થાય છે. આપણું જીર્ણ શરીરમાંથી આત્મા બહાર નીકળી જઈને બીજો નુતન દેહ ધારણ કરે છે તેની સામે પ્રશ્ન થવો જોઈએ કે બીજા મૃત શરીરમાં આત્મા જાય તો જ સાચું કહેવાય પરંતુ તેવું કોઈપણ માતાના ગર્ભમાં જે દેહનું પ્રાગ્ટય થાય છે તે રજકણમાં પ્રથમથી જ ચેતના હોય જ છે. તેથી જ તે બન્ને કણોનું મિલન આપણું પ્રાગ્ટય અને વિકાસ શકય બનાવે છ. બહારના આત્માની વાત જ હંબક છે.

એક આત્મા બીજાના શરીરમાંથી દાખલ થાય છે તે મૂળ આત્મા કયાં જાય તેવો તર્ક થવો જોઈએ. વાસ્તવમાં આત્માની સદીઓથી પૃથ્વી ઉપર ગપગોળા જોવા મળે છે. ધૂણે કે સવારી આવે ત્યારે આત્માના પ્રવેશની વાત જ છેતરપિંડી છે. ભ્રામક સાથે બેબુનિયાદ છે. ભારતમાં સદીઓથી કાલ્પનિક વાતો દોહરાવવામાં આવે છે. પૂર્વજન્મ, પુનર્જન્મ, આત્મા બાબતની તમામ વાતો બોગસ વિજ્ઞાને સાબિત કરી શરીર વિજ્ઞાનની રચનામાં ખુલાસો જોવા મળે છે. ભૂત, પ્રેત, ડાકણ, ચુડેલ, ખવીસ, મામો, આસુરી શકિત વિગેરે ખોટી વાતો લોકોના મગજમાં ફીટ થઈ ગઈ છે તેને બહાર કાઢવાનું કામ કઠીન સાથે દુષ્કર બની ગયું છે. લેભાગુઓના ષડયંત્રમાં માનવી લાચાર બની ગયો છે. માનવીએ અથાગ મહેનત કરવી પડશે. જાથાના પંડયાએ વૈજ્ઞાનિક પ્રયોગોમાં એકના ડબલ, હાથમાંથી કંકુ-ભસ્મ-લોહી નીકળવું, સંમોહન, કાનેથી ચિઠ્ઠી વાંચવી, ઉકળતા તેલમાંથી હાથેથી પુરી તળવી, એકના ડબલ, બોલતું તાવીજ, હઝરતમાં જોવું, બેડી તુટવી, ધૂણવું-સવારી આવવાની ડિંડક લીલા વિગેરેનું નિદર્શન કરી શીખડાવી દેવામાં આવ્યા હતા. જાથાના અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, નર્ભયિ જોશી, ભારતીબેન, સિધ્ધાર્થભાઈ દેગામી, ભાનુબેન ગોહિલ, પ્રયોગ નિદર્શનમાં ભાગ લીધો હતો. શાપર-વેરાવળ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ગોહિલ, એ.એસ.આઈ. સુખદેવસિંહ ઝાલા, રણછોડભાઈ પોલાભાઈ, સોનલબેન હરખાણીએ બંદોબસ્ત જાળવ્યો હતો. સુરત સત્ય શોધક સભાના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થભાઈ દેગામી, ભારતીબેને ચમત્કારિક પ્રયોગોનું આબેહુબ નિદર્શન કર્યું હતું.

ભાનુબેન ગોહિલે માથા ઉપર સળગતી સગડી મુકી તેની કરામત ખુલ્લી કરી હતી. કાર્યક્રમનું સંચાલન સંજયભાઈ નિમાવતે કર્યું હતું. જાથાનો ૧૦૦૩૧ મો કાર્યક્રમ સફળ બન્યો હતો. વધુ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા જણાવેલ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સત્વગુણને વધારો તો નિંદ્રા ઓછી આવશે.

- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.શહેરેવર-૧૩૯૩, મુ. રજ્જબ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, પોષ વદ-૧૧ ષટ્તિલા એકાદશી તા.૬ ફેબ્રુઆરી ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૨૫, મુસ્લિમ તા.૨૫, જયેષ્ઠા નક્ષત્ર, વ્યાઘાત યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૩૦, સૂ.અ.૬:૪૦ આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), સવારે ૭:૩૫ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: કર્મચારીઓના પ્રશ્નોથી મનોભાર રહે. ધંધા-ઉદ્યોગ માટે દોડાદોડી કરવી પડે.
વૃષભ:મળેલી તક ઝડપી લેવી. અગત્યના નિર્ણયો લઈ શકાય.
મિથુન:પડવા-વાગવાથી સંભાળવું. આનંદમય દિવસ રહે.
કર્ક: નવિન ખરીદી કરી શકાય. ગૃહજીવનમાં આનંદ રહે.
સિંહ: કાર્યની રૂકાવટ દૂર થાય. રચનાત્મક કાર્ય પ્રત્યે રૂચિ રહે.
કન્યા: ધારેલા કાર્યો કરી શકાય. જૂના લેણા મળે.
તુલા: અકસ્માતનો ભય. નાણાંભીડ રહે.
વૃશ્ચિક:આકસ્મીક લાભ થાય. સંદેશો લેવા-આપવામાં અનુકૂળતા રહે.
ધન: મિલન-મુલાકાતમાં સફળતા. ઉત્સાહ-ઉમંગ રહે.
મકર: શુભ ફળ મળે. ભૌતિક લાભ મળે.
કુંભ: લાંબાગાળાના પ્રશ્નો વિલંબમાં પડે. ધીરજના ફળ મીઠા મળે.
મીન: આર્થિક લાભ રહે. મિત્રોનો સહકાર મળે.

# માંગરોળના લોએજ ગામે વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન યોજાયું



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૬

લોએજ ગામે એસ.ડી.બી. હાઈસ્કુલના સને-૧૯૮૯ની બેચ (ધોરણ-૧૦)ના વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન અને તેમના ગુરૂવર્યના સન્માન (ઋણ સ્વીકાર)નો કાર્યકમ પરિવાર સાથે યોજાયો હતો. જેમાં વી. એન. વડગામા, મીનાક્ષીબેન રાવલ, લલિતભાઈ સોલંકી, રામભાઈ જે. નંદાણિયા, ભીમભાઈ એમ. રામ, શકિતદાન માંધલ તેમજ પ્રાથમિક શાળાના ગુરૂજી એવા માલદેભાઈ બામરોટીયા, રવજીભાઈ પીઠવા, રસિકભાઈ ગોંડલીયા, સ્કુલ ટ્રસ્ટી જેઠાભાઈ નંદાણિયા, આચાર્ય રાજેન્દ્રભાઈ જાદવ તેમજ લોએજ ગામના માજી સરપંચ રવિભાઈ નંદાણિયા ઉપસ્થિત રહ્યા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા તમામ ગુરૂવર્યને મોમેન્ટો, શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા. આ તકે જુના સંભારણા તાજા થયા હતા અને ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થી મહેન્દ્ર નંદાણિયાએ અંગ્રેજીના ટીચર મીનાક્ષીબેને તે સમયે અભ્યાસ દરમ્યાન કાન ખેંચ્યાની યાદ તાજી કરી, આ પ્રસંગે ફરી કાન ખેંચાવી આશીર્વાદ મેળવ્યા હતા. વિદ્યાર્થી એવા પ્રદિપસિંહ કે ચુડાસમા દ્વારા એસડીબી હાઈસ્કુલના નવા બાંધકામ માટે એક લાખના દાનની જાહેરાત કરી હતી. આ પ્રસંગે ઘણા જુના વિદ્યાર્થીઓઓ સ્કૂલ માટે જે કાંઈ જરૂરિયાત ઊભી થાય તેના ટેકો આપવા કોલ આપ્યો હતો. સાથે સાથે સ્કૂલના ટ્રસ્ટીએ આગામી સમયમાં સ્કૂલની સ્થાપના ૧૯૭૮થી સુધીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન યોજવાની જાહેરાત કરી હતી. કાર્યકમનું સંચાલન પ્રો. ડો. પરબત નંદાણિયાએ હતું. કાર્યકમને સફળ બનાવવામાં કરસન યુ. નંદાણિયા, ભરત બી. કરમટા, મહેન્દ્ર નંદાણિયા, કાનાભાઈ વાળા, રમેશ એમ. નંદાણિયાએ જહેમત ઉઠાવી હતી. આભારવિધિ કિરણબેન નંદાણિયા દ્વારા કરવામાં આવી હતી.

## ભાટિયામાં અનધિકૃત રીતે વેચાણ કરતા આયુર્વેદિક સીરપના જથ્થા સાથે વિપ્ર શખ્સ ઝડપાયો

(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ વિસ્તારના પી.એસ.આઈ. યુ.બી. અખેડના માર્ગદર્શન હેઠળ રાવલ આઉટ પોસ્ટના પી.એસ.આઈ. વી.આર. શુક્લ તથા તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન ભાટિયામાં સ્ટેશન રોડ ઉપર આવેલી રામેશ્વર સોડા શોપ નામની દુકાનમાં અનઅધિકૃત રીતે લાયસન્સ કે આધાર પુરાવા વગર સેલ્ફ જનરેટેડ આલ્કોહોલવાળી આયુર્વેદિક સીરપ વેચાતું હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. આથી પોલીસે આ સ્થળેથી રૂપિયા ૩૫,૨૫૦ ની કિંમતની ૨૩૫ બોટલ સેલ્ફ જનરેટેડ આલ્કોહોલયુક્ત આયુર્વેદિક સીરપનો જથ્થો કબજે કરી, આ પ્રકરણમાં કલ્યાણપુરના નવાપરા વિસ્તારમાં રહેતા ધ્રુવ જનકરાય ભટ્ટ નામના ૪૦ વર્ષના બ્રાહ્મણ યુવાનની અટકાયત કરી હતી.

# ઉત્તર ભારતમાં ચાલી રહેલી શીત લહેરોની સ્થિતિ પાછળનું કારણ 'સાઈબેરિયન હાઈ' શું છે ?

## IISER-મોહાલીના સંશોધકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસ, જર્નલ વેધર એન્ડ કલાઈમેટ એક્સ્ટ્રીમ્સમાં પ્રકાશિત થયો છે, જે ઠંડીની સ્થિતિ પાછળના અંતર્ગત કારણો અને ચિંતાજનક વલણો ઉપર પ્રકાશ પાડે છે



નવી દિલ્હી, તા.૬

IISER-મોહાલીના સંશોધકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસ મુજબ, સાઈબેરિયન ઊંચાઈ ઉપરથી ઠંડી અને સૂકી હવાના પ્રવેશને કારણે ઉત્તર ભારતમાં જોવા મળેલી ચાલુ શીત લહેર સ્થિતિ છે. સાઈબેરિયન હાઈ એ ઠંડા શુષ્ક હવાનો વિશાળ સંગ્રહ છે જે યુરેશિયાના ઉત્તરપૂર્વીય ભાગમાં નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી એકઠા થાય છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER-મોહાલી)ના પ્રોફેસર રાજુ અટ્ટડાની આગેવાની હેઠળ કરવામાં આવેલા સંશોધન, અત્યંત શિયાળાના તાપમાનનાકારણોની નિર્ણાયક આંતરદષ્ટિને બહાર કાઢે છે. શીત તરંગની ઘટનાને સામાન્ય લઘુત્તમ તાપમાનની વિસંગતતામાંથી ઓળખવામાં આવે છે, જ્યારે પ્રમાણભૂત વિચલન સતત ચાર કે તેથી વધુ દિવસો માટે માઈનસ ૧ કરતા ઓછું હોય છે. જ્યારે પ્રમાણભૂત વિચલન સતત ચાર કે તેથી વધુ દિવસો માટે માઈનસ ૨ કરતા ઓછું હોય ત્યારે સામાન્યકૃત લઘુત્તમ તાપમાનની વિસંગતતામાંથી ગંભીર શીત તરંગની ઘટના ઓળખવામાં આવે છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, દિલ્હી અને અન્ય ઉત્તારીય ભાગોમાં બુધવારે તીવ્ર ઠંડીનો અનુભવ થયો હતો કારણ કે, પ્રદેશના ઘણા વિસ્તારોમાં વરસાદ અને બરફ પડ્યો હતો. દિલ્હીમાં મહત્તમ તાપમાન ૧૮.૬ ડિગ્રી સેલ્સિયસ હતું, જે સિઝનની સરેરાશ કરતાં ચાર ડિગ્રી ઓછું હતું અને લઘુત્તમ તાપમાન ૭.૩ ડિગ્રી સેલ્સિયસ હતું, જે સામાન્ય કરતાં એક ડિગ્રી ઓછું હતું. અભ્યાસમાં ચાલુ શીત લહેરનું શ્રેય સાઈબેરિયન ઊંચાઈ ઉપરથી ઠંડી અને શુષ્ક હવાના ઘૂસણખોરીને આપવામાં આવ્યું છે, જે 'એટમોસ્ફેરિક બ્લોકિંગ' તરીકે ઓળખાતી ઉચ્ચ-અક્ષાંશ હવામાન પ્રણાલીના સતત રહેવાથી તીવ્ર બને છે. આ વાતાવરણીય ઘટના ઠંડી હવાના નિર્માણ તરફ દોરી જાય છે, સંશોધકોએ જણાવ્યું હતું કે, ઉત્તર ભારતમાં ભારે ઠંડીની સ્થિતિ સર્જાઈ છે. કે.એસ. અથિરા IISER-મોહાલી ખાતે અને વી. બ્રહ્મણદા રાવ, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ રિસર્ચ, બ્રાઝિલના સહિતની ટીમે નોંધ્યું હતું કે, આ વર્ષે શિયાળામાં વાતાવરણીય અવરોધે ઠંડા મોજાને વધુ તીવ્ર બનાવ્યું છે અને ડિસેમ્બરના અંતથી જાન્યુઆરી સુધી તેમની દઢતા લંબાવી છે. અભ્યાસ ૧૯૮૨-૨૦૨૦ના વર્ષોમાં ફેલાયેલો છે, જો કે, આસમયગાળા દરમ્યાન શીત લહેરોની ઘટનાઓની સંખ્યા, અવધિ અને તીવ્રતામાં ઘટાડો થયો છે. આ ઘટાડો ગ્લોબલ વોર્મિંગ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ (WDs)ની ઘટતી સંખ્યાને કારણે શિયાળાના લઘુત્તમ તાપમાનમાં વધારો સાથે સંકળાયેલો છે, એમ સંશોધકોએ જણાવ્યું હતું. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એ તોફાનો છે જે કેસ્પિયન અથવા ભૂમધ્ય સમુદ્રમાં ઉદ્ભવે છે અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં બિન-ચોમાસું વરસાદ લાવે છે. સંશોધકોએ શીત તરંગની ઘટનાઓને ઓળખવા માટે સામાન્ય લઘુત્તમ તાપમાનની વિસંગતતા અને પ્રમાણભૂત વિચલનોને ધ્યાનમાં લેતા એક ઝીણવટભરી પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. સંશોધનમાં ૫૦૯ ઠંડી તરંગના દિવસોની ઓળખ કરવામાં આવી હતી, જેમાં ૪૫ દિવસની તીવ્ર શીત લહેરના દિવસોનો સમાવેશ થાય છે. સંશોધકોએ નોંધ્યું હતું કે, શીત લહેરોની અસરો માનવ સ્વાસ્થ્યની બહાર વિસ્તરે છે, જે કૃષિ, પશુધનને અસર કરે છે અને પરિવહનમાં વિક્ષેપ પેદા કરે છે. હાયપોથર્મિયા અને હિમ લાગવાનું જોખમ, ખાસ કરીને નબળા જૂથો માટે, વિવિધ વહીવટી સ્તરે સ્પષ્ટ નીતિઓની તાકીદ ઉપર ભાર મૂકે છે, તેઓએ જણાવ્યું હતું. અટ્ટડાએ શીત લહેરો દરમ્યાન માનવ જીવન બચાવવાની ક્રિયાઓને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. તેમણે ઉમેર્યુ હતુ કે, 'શીત તરંગોની ઘટનાઓની સચોટ આગાહી માટે સિનોપ્ટિક લક્ષણો અને ઠંડા તરંગોની રચના પાછળની ગતિશીલતાને સમજવી મહત્ત્વપૂર્ણ છે.' હેડલાઈન સિવાય, આ વાર્તા ધ ટેલિગ્રાફ ઓનલાઈન સ્ટાફ દ્વારા સંપાદિત કરવામાં આવી નથી અને તેને સિન્ડિકેટ ફીડમાંથી પ્રકાશિત કરવામાં આવી છે

## રાજ્યમાં પ્રાથમિકથી માંડી સ્પેશ્યાલિટી સારવારમાં વધારો કરાશે : વિવિધ હોસ્પિટલો અપગ્રેડ કરાશે

### ગાંધીનગર, રાજકોટ અને સુરતમાં કાર્ડિયાક ટ્રીટમેન્ટ સેન્ટર શરૂ કરાશે, આરોગ્ય ક્ષેત્રે ૩૨.૪ ટકા વધારા સાથે રૂા.૨૦,૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી

ગાંધીનગર, તા.૬

ગુજરાતની ૩ મહાનગરપાલિકાને કાર્ડિયાકને લઈ મળશે સઘન સુવિધા,લોકોના તંદુરસ્ત અને ગુણવત્તાસભર જીવનને લઈ ગુજરાત સરકાર વધુ સતર્ક થઈ ગઈ છે. પ્રાથમિક આરોગ્યથી માંડી સ્પેશિયાલિટી સારવાર સુધીની સગવડોમાં વધારો કરવા તથા ચેપી અને જીવનશૈલીના કારણે થતાં રોગોના સામે લોકોને આરોગ્યલક્ષી સારવાર ઉપલબ્ધ કરાશે. હાલમાં કાર્ડિયાક સારવારને લઈને સરકાર એલર્ટ મોડમાં છે.

લોકોના આરોગ્ય અને સુખાકારીમાં વૃદ્ધિ કરવા ચાલુ વર્ષના રૂા.૧૫,૧૮૧ કરોડના બજેટમાં ૩૨.૪૦ ટકાનો નોંધપાત્ર વધારો કરી આગામી વર્ષ માટે રૂા.૨૦,૧૦૦ કરોડની જોગવાઈ આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે ફાળવણી કરવમા આવી છે તો બીજી તરફ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત એમ્પેનલ થયેલ ૨૫૩૧ ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર આપવા માટે રૂા.૩૧૧૦ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. મેડીકલ કોલેજો અને હોસ્પિટલ સાથે ત્રિ-સ્તરીય આરોગ્ય વ્યવસ્થા અંતર્ગત તમામ આરોગ્ય કેન્દ્રોના બાંધકામ અને સાધનો સહિત સુવિધાઓ સુદ્રઢ કરવા માટે રૂા.૨૩૦૮ કરોડની જોગવાઈ સંચાલિત મેડીકલ હોસ્પિટલોના બાંધકામ, રખરખાવ અને સંચાલન માટે રૂા.૧૦૦૦ કરોડની જોગવાઈ. આરોગ્ય સુવિધાઓના સુદ્રઢીકરણ તેમજ બિનચેપી રોગો અને અન્ય જાહેર આરોગ્યની સમસ્યાઓના નિયંત્રણ હેતુ રૂ. ૪૨૦૦ કરોડના ખર્ચે શરૂ કરાયેલ શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૩૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે. તો સાથે જ સરકારી મેડીકલ કોલેજો અને તેની સંલગ્ન હોસ્પિટલો, એમ. એન્ડ જે. ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઓપ્થેલ્મોલોજી, અમદાવાદ તેમજ સ્પાઈન ઈન્સ્ટીટ્યૂટ, અમદાવાદમાં નવા તબીબી સાધનો ઉપલબ્ધ કરાવવા માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે.

● એમ્બ્યુલન્સની સુવિધા વધુ સુદ્રઢ બનાવવા માટે ૧૦૮ ઈમરજન્સી સેવા હેઠળ ૩૧૯ નવી એમ્બ્યુલન્સ માટે રૂા.૭૬ કરોડની જોગવાઈ.

● યુ. એન. મહેતા હાર્ટ હોસ્પિટલ અને કિડની હોસ્પિટલ માટે તબીબી સાધનો ખરીદવા અને માળખાકીય સગવડ માટે રૂ. ૬૦ કરોડની જોગવાઈ.

● માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદરમાં ઘટાડો થાય તે હેતુસર હાઈરિસ્ક ધરાવતી સગર્ભા મહિલાઓની સંસ્થાકીય પ્રસૂતિ કરાવવા અને ત્યારબાદ હોસ્પિટલ ખાતે રોકાણ કરી સારવાર આપવા તેઓને ૧૫ હજાર તેમજ આશા બહેનોને ૩ હજારની પ્રસૂતિદીઠ પ્રોત્સાહન રકમ આપવા અંગેની નવી યોજના દાખલ કરવાનું સરકારે નક્કી કરેલ છે.જેના માટે રૂા.૫૩ કરોડની જોગવાઈ.

● ગાંધીનગર, રાજકોટ અને સુરત ખાતે સઘન કાર્ડિયાક સારવાર મળી રહે તે માટે યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યૂટ, અમદાવાદના સહયોગથી કાર્ડિયાક ટ્રીટમેન્ટ સેન્ટર શરુ કરવા માટે રૂા.૪૦ કરોડની જોગવાઈ.

● મેડીસિટી, અમદાવાદ ખાતે ગવર્નમેન્ટ સ્પાઈન ઈન્સ્ટીટ્યુટ અને પેરાપ્લેજીયા હોસ્પિટલના વિસ્તૃતિકરણ અને મુક-બધીર દિવ્યાંગો માટે સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના અર્થે રૂા.૧૦ કરોડની જોગવાઈ.

● અમદાવાદ જિલ્લામાં બાવળા નજીક તથા સુરત જિલ્લાના કામરેજ નજીક ૩૦૦ બેડની જિલ્લા કક્ષાની હોસ્પિટલ બનાવવા સરકારે નિર્ણય કરેલ છે. જેના માટે આગામી વર્ષ માટે રૂા.૧૦ કરોડની જોગવાઈ.

● આયુષ સેવાઓ અદ્યતન બનાવવા આર્યુવેદિક કોલેજ અને હોસ્પિટલ, કોલવડાને સેન્ટર ઓફ એક્સલન્સ તરીકે વિકસાવવામાં આવશે. આયુષ હેઠળના દવાખાનાઓ માટે કુલ રૂા.૪૮૨ કરોડની જોગવાઈ.

## કેનેડાની સરકારે સ્ટુડન્ટ વિઝાના નિયમો કર્યા કડક



ઓટાવા, તા.૬

કેનેડિયન સરકારે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે નવી અભ્યાસ પરમિટ ઉપર બે વર્ષની મર્યાદા જાહેર કરી છે, જેના કારણે આ વર્ષે લગભગ ૩,૬૦,૦૦૦ વિદ્યાર્થીઓને વિઝા મળવાની અપેક્ષા છે. આ વર્ષે એવી ધારણા છે કે ૨૦૨૩ની સરખામણીએ અંદાજે ૩૫ ટકા ઓછા વિઝા ઉપલબ્ધ થશે. આ જાણકારી ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલરે આપી હતી. ઈમિગ્રેશન પ્રધાન માર્ક મિલરે જણાવ્યું હતું કે તાજેતરના વર્ષોમાં તેમના વધતા પ્રવાહને કારણે દેશમાં વધતી જતી હાઉસિંગ કટોકટી પછી સરકારને ટીકાનો સામનો કરવો પડ્યો હતો. આ સાથે માર્ક મિલરે કહ્યું કે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તેમના સમુદાયને સમૃદ્ધ બનાવે છે. મિલરે ટ્વિટર ઉપર લખ્યું, "મેં ૨૦૨૪ થી શરૂ થતી નવી અભ્યાસ પરમિટની બે વર્ષની મર્યાદાની જાહેરાત કરી છે." આના પરિણામે આ વર્ષે અંદાજે ૩૬૦,૦૦૦ અભ્યાસ પરમિટ મંજૂર થવાની ધારણા છે. કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦ લાખના આંકડાને વટાવી ગઈ છે. નવેમ્બર ૨૦૨૩ સુધીમાં જારી કરાયેલી ૫,૭૯,૦૭૫ પરમિટમાંથી ભારતીયો ૨,૧૫,૧૯૦ સાથે સૌથી આગળ હતા. મિલરે જણાવ્યું હતું કે કાર્યક્રમની અખંડિતતાને સુનિશ્ચિત કરવા અને શૈક્ષણિક અનુભવને જાળવવા માટે, કેનેડા સુધારાઓ અમલમાં મૂકવાનું ચાલુ રાખશે અને ૨૦૨૫ માં જારી કરવામાં આવનાર પરમિટની સંખ્યાનું આ વર્ષના અંતમાં પુર્નઃ મૂલ્યાંકન કરવામાં આવશે. મિલરે જણાવ્યું હતું કે મર્યાદા લાદીને, સરકાર કેટલીક નાની ખાનગી કોલેજો સામે પગલાં લઈ રહી છે જેઓ ઓછા સંસાધનવાળા કેમ્પસ ચલાવીને અને ઊંચી ટ્યુશન ફી વસૂલીને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો લાભ લઈ રહી છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે સપ્ટેમ્બરથી શરૂ કરીને, કેનેડા કોર્સ લાઈસન્સિંગ શાસન હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અનુસ્નાતક વર્ક પરમિટ (PGWPs) જારી કરશે નહીં. "આ કાર્યક્રમો તેમની દેખરેખના અભાવ માટે કુખ્યાત છે અને ગુણવત્તાયુક્ત શૈક્ષણિક અનુભવ પ્રદાન કરતા નથી જેના માટે કેનેડા પ્રખ્યાત છે," મિલરે કહ્યું. મંત્રીએ કહ્યું કે આગામી સપ્તાહોમાં, દેશ હવે માસ્ટર્સ અને ડોકટરલ પ્રોગ્રામ્સ સિવાય આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના જીવનસાથીઓને વર્ક પરમિટ આપશે નહીં. અગાઉ, એવી જાહેરાત કરવામાં આવી હતી કે આ વર્ષથી શરૂ કરીને, વિદ્યાર્થીઓએ તેમની એક વર્ષની ટ્યુશન ફી ઉપરાંત તેમના ખાતામાં ઓછામાં ઓછા ૨૦,૬૩૫ કેનેડિયન ડોલર દર્શાવવાના રહેશે, અને જો તેઓ પરિવારના કોઈ સભ્યને લાવશે તો તેમને વધારાના ચાર હજાર મળશે. કેનેડામાં સ્ટડી વિઝા મેળવવા માટે, વિદ્યાર્થીએ હાલમાં તેના એકાઉન્ટમાં ૧૦ હજાર ડોલર દર્શાવવા જરૂરી છે જેથી જીવનની પ્રારંભિક કિંમત આવરી લેવામાં આવે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ કેનેડિયન અર્થતંત્રમાં વાર્ષિક અંદાજે ૨૨ બિલિયન કેનેડિયન ડોલર (આશરે ૧૬.૪ બિલિયન યુએસ ડોલર)નું યોગદાન આપે છે.

## આઠ વર્ષથી જૂના વાહનો સ્ક્રેપમાં મોકલાશે તો તમામ બાકી રકમ માફ


ગાંધીનગર, તા.૬

ગુજરાત રાજયનું બજેટ આજે નાણામંત્રી કનુ દેસાઈએ વિધાનસભામાં રજૂ કર્યું હતું. આ વખતનું બજેટ ગુજરાતનું સૌથી મોટું બજેટ હતું. જેમાં અનેક પ્રજાલક્ષી જાહેરાતો કરવામાં આવી હતી. ત્યારે એક મજબૂત ઈકોસિસ્ટમ બનાવવાના ઉદ્દેશથી વ્હિકલ સ્ક્રેપિંગ નીતિની દેશવ્યાપી જાહેરાત કરવામાં આવી હતી. સ્ક્રેપિંગ નીતિનો મુખ્ય હેતુ વાહન પ્રદૂષણના કારણે પર્યાવરણને થતી હાનિ અટકાવી, વાહનોની ખામીના કારણે થતા માર્ગ અકસ્માતમાં ઘટાડો કરી લોકોને વધુ ફ્યુઅલ એફિસિયન્ટઅને પર્યાવરણની દષ્ટિએ લાભદાયી વાહનો ખરીદવા પ્રેરિત કરવાનો છે. આ હેતુસર રીકરીંગ વેરો ચૂકવતા વાહન માલિકો પોતાના ૮ વર્ષથી જૂના વાહનો જો નોંધાયેલા વ્હિકલ સ્ક્રેપર્સ મારફતે સ્ક્રેપ થવા મોકલશે તો તેવા તમામ વાહનો પર બાકી મોટર વાહન વેરો, વ્યાજ, દંડ અને મોટર વ્હિકલ એક્ટ હેઠળના કોઈ ચલણ પડતર હોય તો તેની વસૂલવાપાત્ર માંડવાળ ફી સહિત તમામ જવાબદારી માફ કરવા એક વર્ષ માટે માફી યોજના લાવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ નિર્ણય થકી અંદાજે ૫૨,૦૦૦ વાહન માલિકોને રૂપિયા ૭૦૦ કરોડની રાહત થશે. તેઓ પણ આ વાહનને સ્ક્રેપ કરાવી તેની સામે અદ્યતન ટેકનોલોજીવાળા નવા વાહનો ખરીદવા પ્રેરિત થશે. જેના કારણે સરકારની કર આવકમાં પણ વધારો થશે.

## મોટાભાગના યુવક-યુવતીઓ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે પરંતુ તેમની પાસે પોતાને સુરક્ષિત રાખવા માટે કૌશલ્યનો અભાવ છે

કોલકતા તા.૬

ગ્રામીણ વિસ્તારોમાં ભારતીય કિશોરો જેઓ ટેક્સ્ટનો એક ફકરો પણ વાંચી શકતા નથી, તે પૈકી ૩૦%થી વધુ લોકો ઈન્ટરનેટ બ્રાઉઝ કરી શકે છે અને લગભગ ૫૦% યુટ્યુબ ઉપર વિડિઓ શોધી શકે છે. તાજેતરના વાર્ષિક સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ (ASER)માં ભારતમાં હાઈસ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓના ડિજિટલ કૌશલ્ય અંગે આંતરદષ્ટિ પ્રદાન કરવામાં આવી છે. ASER સર્વેક્ષણમાં, ૧૪-૧૮ વય જૂથના વિદ્યાર્થીઓને એક ફકરો વાંચવા માટે કહેવામાં આવ્યું હતું. જેઓ શબ્દો વાંચી શકતા હતા પણ વાક્યો વાંચતા ન હતા. આ સર્વે સપ્ટેમ્બરથી નવેમ્બર ૨૦૨૩ દરમ્યાન ૨૮ જિલ્લાઓમાં કરવામાં આવ્યો હતો. 'શબ્દ સ્તર' સુધી વાંચી શકતા લોકોમાં, ૩૦%થી વધુ YouTube વિડિઓ શોધવામાં, વેબ પર માહિતી બ્રાઉઝ કરવામાં અને તેમના સ્માર્ટફોન ઉપર એલાર્મ સેટ કરી શકે છે. 'ગ્રેડ ૧ લેવલ'ના આ લોકો પૈકી ૫૫%થી વધુ આ તમામ કાર્યો કરી શકે છે. આ તારણો તમામ ૨૮ જિલ્લાઓ માટે બનાવવામાં આવ્યા હતા. જો જિલ્લા કક્ષાએ ડેટાનું વિશ્લેષણ કરવામાં આવે તો તેમાં વ્યાપક ભિન્નતા જોવા મળે છે. દાખલા તરીકે, કેરળના એર્નાકુલમના ગ્રામીણ ભાગોમાં ૯૫%થી વધુ કિશોરો તેમના સ્માર્ટફોન ઉપર એલાર્મ સેટ કરવામાં સક્ષમ હતા, જ્યારે પશ્ચિમ બંગાળના કૂચ બિહાર અને છત્તીસગઢના ગારિયાબંદમાં ૫૦% કરતા ઓછા લોકો આ કેવી રીતે કરવું તે જાણતા હતા. માહિતી બ્રાઉઝ કરી શકતા લોકોમાં પણ વ્યાપક ભિન્નતા હતી: જમ્મુ અને કાશ્મીરના અનંતનાગમાં ૯૩% લોકો આ કરી શકે છે, જ્યારે ઓડિશાના સંબલપુર અને મેઘાલયના પૂર્વ ખાસી હિલ્સમાં ૫૦% કરતા ઓછા લોકો આમ કરી શકે છે. નાગાલેન્ડના કોહિમા જિલ્લામાં, માત્ર ૧૨.૫% કિશોરો Google નકશાનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણતા હતા જ્યારે પંજાબના S.A.S.માં ૫૫%થી વધુ લોકો આવું કરી શકે છે. નોંધનીય રીતે, જ્યારે યુટ્યુબને એક્સેસ કરવાની વાત આવી ત્યારે આ જિલ્લાઓમાં ભિન્નતા સૌથી ઓછી હતી: દરેક જિલ્લામાં



લગભગ ૭૦% કે તેથી વધુ કિશોરો આ કરી શકે છે. આ ડેટા દર્શાવે છે કે ડિજિટલ સાક્ષરતા ઘણા ગ્રામીણ વિસ્તારોમાં આવી રહી છે પરંતુ કેટલાક વિસ્તારો હજુ પણ પાછળ છે. જો કે, ચિંતાજનક રીતે, ઘણા કિશોરો હજુ પણ ઓનલાઈન જોખમોથી પોતાને બચાવવાનું શીખ્યા નથી. સર્વેક્ષણ સપ્તાહ દરમ્યાન સમગ્ર જિલ્લામાંથી તેમાંથી ૯૦%થી વધુ લોકોએ સોશિયલ મીડિયાનો ઉપયોગ કર્યો હતો, માત્ર ૫૨.૩% જ જાણતા હતા કે પ્રોફાઈલ કેવી રીતે બ્લોક કરવી અને માત્ર ૪૭.૮% જ જાણતા હતા કે તેમના એકાઉન્ટને ખાનગી કેવી રીતે બનાવવું જોઈએ. આ કૌશલ્યોમાં પણ વ્યાપક ભિન્નતા હતી. ત્રિપુરામાં માત્ર ૩૩% લોકો પ્રોફાઈલને કેવી રીતે બ્લોક કરવી તે જાણતા હતા અને ઝારખંડના પૂર્વ સિંઘભુમમાં ૩૦% કરતા ઓછા લોકો તેમની પ્રોફાઈલને ખાનગી કેવી રીતે બનાવવી તે જાણતા હતા. આ કૌશલ્યો જાણતી છોકરીઓનો હિસ્સો ઘણા જિલ્લાઓમાં છોકરાઓના હિસ્સાની સરખામણીમાં ઘણો ઓછો હતો અને ઓનલાઈન દુર્વ્યવહારનો ભોગ બનેલી મોટાભાગની છોકરીઓ હોય છે. બિહાર માં ૧૭-૧૮ વર્ષની વયજૂથની માત્ર ૪૬% છોકરીઓ જ પ્રોફાઈલને કેવી રીતે બ્લોક કરવી તે જાણતી હતી, જ્યારે ૭૩%થી વધુ છોકરાઓ આ જાણતા હતા. રાજસ્થાનના ભીલવાડામાં ૮૦% છોકરાઓની સરખામણીમાં માત્ર ૫૭% છોકરીઓ તેમની પ્રોફાઈલને ખાનગી કેવી રીતે બનાવવી તે જાણતી હતી.

### બેવડી ઋતુનો અનુભવ કરતા શહેરીજનો

## શરદી-ઉધરસ, વાઈરલ ઈન્ફેક્શનમાં વધારો થતાં ઘેર-ઘેર માંદગીના ખાટલા



જૂનાગઢ, તા.૬

હાલ સમગ્ર ગુજરાતમાં ફેબ્રુઆરી મહિનાની શરૂઆતથી જ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. સવારે ઠંડી અને બપોરે ગરમીથી લોકો પરેશાન થઈ રહ્યા છે. બેવડી ઋતુના કારણે રોગચાળાના કેસમાં વધારો થયો છે. ઘરે-ઘરે શરદી-ઉધરસ, વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ૭ ફેબ્રુઆરીથી ઠંડીમાં વધારો થવાની આગાહી છે. હવામાન વિભાગ અનુસાર, આગામી દિવસોમાં ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેશે. જેમાં ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છાંટા પડવાની શક્યતા છે. આ દિવસોમાં ગુજરાતમાં ફરી ઠંડીનો દોર શરૂ થશે. આગામી ત્રણ દિવસ તાપમાન યથાવત રહેશે. પરંતુ ત્રણ દિવસ બાદ ઠંડીનું જોર વધશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે ઠંડી વધશે. ત્યાર બાદ તાપમાનમાં ફરી વધારો થતા ગરમીનો અનુભવ થશે. અંબાલાલ પટેલે ફેબ્રુઆરી મહિનામાં ફરી કમોસમી વરસાદની આગાહી કરી છે. આ દિવસોમાં કરા સાથે વરસાદ આવી શકે છે. ખાસ કરીને ગુજરાતના રાજસ્થાનથી જોડાયેલા સરહદી વિસ્તારોમાં છાંટા આવી શકે છે. આ દિવસોમાં ફરી ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેશે, અને રાજયમાં ફરી બેવડી ઋતુ અનુભવાશે. તો સાથે જ સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં વરસાદ આવવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર રાજસ્થાનમાં સૌથી વધુ જોવા મળશે. જેમાં કેટલાક ભાગોમાં ગાજવીજ અને કરા સાથે વરસાદ આવી શકે છે.

# ઈન્ડિયા વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત કરતા જૂનાગઢના ચિત્રકાર રજનીકાંત અગ્રાવત



જૂનાગઢ તા. ૬

જૂનાગઢના જાણીતા ચિત્રકાર, રંગોળીકાર વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર રજનીકાંત ડી. અગ્રાવત જેમણે ૧૪૨ કલાક કામ કરી એકજ વ્યક્તિના પ્રોટ્રેઈટ ૫૧ પેઈન્ટીંગ બનાવી ઈન્ડિયા વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. અને ગત પ્રજાસત્તાક દિનની ગુજરાત રાજયની ઉજવણી સરકાર દ્વારા આ વખતે જૂનાગઢમાં કરવામાં આવેલ હતી જેમાં જૂનાગઢની ૧૩ જેટલી વિશેષ વ્યક્તિઓના સન્માન કરવામાં આવ્યા હતા. જેમાં રજનીકાંત અગ્રાવતનું પ્રથમ કલાક્ષેત્રે ગુજરાતના રાજયપાલ દેવવ્રત આચાર્ય તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. અને તેમને પ્રમાણપત્ર તથા સ્મૃતિચિન્હ આપવામાં આવ્યું હતું. ગત તા.૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામચંદ્રજીની પ્રાણપ્રતિષ્ઠાના કાર્યક્રમ અંતર્ગત વડોદરા ખાતે આદિત્ય ફાઈન આર્ટ તેમજ બીજેપી વડોદરાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ શ્રીરામ ભગવાનના ચિત્રો તેમજ રંગોળી પ્રદર્શનમાં પણ રજનીકાંત અગ્રાવતની પસંદગી કરવામાં આવેલ હતી. જેમાં શ્રી રામ ભગવાનના અલગ-અલગ માધ્યમથી બનાવેલ ચાર ચિત્રો તેમજ 'ધનુષ્ય ભંગ' રંગોળી બનાવી હતી. એકજ છત નીચે ૫૧ અલગ શૈલીના ચિત્રો અને ૨૩ રંગોળી પ્રથમવાર યોજાતા આ પ્રદર્શનને પણ ઈન્ફલુશર બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ'એ નોંધ લીધી હતી અને ગૃપ શો ને વર્લ્ડ રેકોર્ડ પ્રાપ્ત થયો હતો. જેમાં કલાગુરૂ રાજેન્દ્ર હિન્ડોરકર અને તેમની ટીમ દ્વારા પ્રદર્શનને સફળ બનાવવામાં આવ્યું હતું. આ આર્ટ ક્ષેત્રે રજનીકાંત અગ્રાવતએ અનેક વિદ્યાર્થીઓને કલા, રંગોળી શીખડાવી છે તે ઉલ્લેખનીય છે.

# ભારતીય વિદ્યાર્થીઓ માટે કેનેડા અને UK સૌથી જોખમી દેશ

નવી દિલ્હી, તા.૬

ભારતમાંથી હાયર એજ્યુકેશન માટે દર વર્ષે હજારો સ્ટુડન્ટ વિદેશ જઈ રહ્યા છે. તેમાં પણ અમેરિકા, કેનેડા અને યુકે જેવા દેશો ભારતીય વિદ્યાર્થીઓમાં સૌથી ફેવરિટ છે. પરંતુ આ દેશોમાં વિદ્યાર્થીઓ સાથે ઘણી દુર્ઘટનાઓ અથવા બીજી ઘટનાઓ પણ બનતી રહે છે જેમાં ઘણા ભારતીય વિદ્યાર્થીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. સરકારે લોકસભામાં આપેલી માહિતી પ્રમાણે છેલ્લા છ વર્ષમાં કુલ ૪૦૩ ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં મૃત્યુ પામ્યા છે. સરકારે આપેલી માહિતી પ્રમાણએ ૨૦૧૮થી અત્યાર સુધીમાં કેનેડામાં સૌથી વધુ ૯૧ ભારતીય સ્ટુડન્ટના મોત થયા છે જ્યારે યુકે બીજા ક્રમે છે. યુકેમાં છ વર્ષમાં ૪૮ ભારતીય વિદ્યાર્થીઓ મોત પામ્યા છે. ભારતીય સ્ટુડન્ટના મોત પાછળ અલગ અલગ કારણો છે. તેમાં મોટા ભાગે દુર્ઘટના, આત્મહત્યા અથવા મેડિકલ કારણો જવાબદાર છે. વિદેશમંત્રી એસ જયશંકરે સંસદમાં જણાવ્યું કે વિદેશમાં ભારતીય વિદ્યાર્થીઓના હિત જોવા એ સરકારની મુખ્ય પ્રાથમિકતા છે. એસ જયશંકરે આપેલી માહિતી પ્રમાણે કેનેડામાં ૨૦૧૮થી અત્યાર સુધીમાં ૯૧ ભારતીય સ્ટુડન્ટ મૃત્યુ પામ્યા છે જ્યારે યુકેમાં ૪૮, રશિયામાં ૪૦, અમેરિકામાં ૩૬ અને ઓસ્ટ્રેલિયામાં ૩૫ ભારતીય સ્ટુડન્ટના મોત થયા છે. આ ઉપરાંત યુક્રેનમાં ૨૧ અને જર્મનીમાં ૨૦ મૃત્યુ નોંધાયા છે. આંકડા એવું પણ દેખાડે છે કે સાઈપ્રસમાં ૬ વર્ષમાં ૧૪ સ્ટુડન્ટ, ફિલિપાઈન્સ અને ઈટલીમાં ૧૦-૧૦ અને કતાર, ચીન તથા કિર્ગિઝિસ્તાન ત્રણેયમાં ૯-૯ ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે. તાજેતરમાં યુકે અને અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ શંકાસ્પદ સ્થિતિમાં મૃત્યુ પામ્યા હોય તેવી પણ ઘટનાઓ બની છે. જેમ કે લંડનની થેમ્સ નદીમાંથી ભારતીય સ્ટુડન્ટના ડેડ બોડી મળી આવ્યા હોય તેવી બે ઘટનાઓ બહાર આવી છે. તેવી જ રીતે ગયા સપ્તાહમાં નીલ આચાર્ય નામના સ્ટુડન્ટનો મૃતદેહ મળી આવ્યો હતો. ત્યાર પછી સિનસિનાટીમાં શ્રેયસ રેડ્ડી નામના વિદ્યાર્થીનું બોડી મળી આવ્યું હતું. આ તમામ ઘટનાઓમાં કોઈ ષડયંત્ર ન હતું અને કુદરતી કારણોથી મોત થયા હતા તેવું સરકાર માને છે. ગયા વર્ષે નવેમ્બરમાં આદિત્ય અદલખા નામના એક ૨૬ વર્ષીય ભારતીય સ્ટુડન્ટનું યુનિવર્સિટી ઓફ સિનસિનાટી ખાતે મૃત્યુ થયું હતું.

આદિત્યને ઓહાયોમાં તેની કારમાં જ ગોળી મારવામાં આવી હતી. આ હોનહાર વિદ્યાર્થી અમેરિકામાં મોલેક્યુલર અને ડેવલપમેન્ટલ બાયોલોજી પ્રોગ્રામમાં પીએચડી કરી રહ્યો હતો. બીજા એક કેસમાં યુનિવર્સિટી ઓફ ઈલિનોઈસમાં ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરતો અકુલ ધવન નામનો વિદ્યાર્થી પણ જાન્યુઆરીમાં મૃત્યુ પામ્યો હતો. આ સ્ટુડન્ટની ઉંમર ૧૮ વર્ષ હતી અને માઈનસ ૧૭ ડિગ્રી તાપમાનમાં તે ઠંડીના કારણે મૃત્યુ પામ્યો હતો. કેનેડા, અમેરિકા અને યુકેમાં કેટલાક સ્ટુડન્ટના મોત પાછળ આત્મહત્યા પણ જવાબદાર હોઈ શકે છે. આ ઉપરાંત રસ્તો ક્રોસ કરતી વખતે એક્સિડન્ટ થવાથી અથવા નદીમાં તરતી વખતે ડૂબી જવાથી પણ ભારતીય સ્ટુડન્ટના મોત નિપજ્યા હોય તેવી ઘટનાઓ અમેરિકા, યુકે અને ઓસ્ટ્રેલિયામાં નોંધાઈ છે. ઘણા કિસ્સામાં ભારતીય વિદ્યાર્થીઓનું વિદેશમાં મૃત્યુ થાય ત્યાર પછી ઘટનાની યોગ્ય તપાસ થઈ ન હોવાની પણ ફરિયાદો થઈ છે. આ ઉપરાંત સ્ટુડન્ટના મૃતદેહને ભારત લાવવાનો ખર્ચ એટલો બધો હોય છે કે પરિવારજનોએ કેટલીક વખત ક્રાઉડ ફંડિંગનો ઉપયોગ કરવો પડે છે.

# વરુએ એવું જાનવર જેને આજ સુધી કંટ્રોલ નથી કરી શક્યાં માણસ

## ભારતીય વરૂઓનો વિશ્વમાં સૌથી જૂનો ઈતિહાસ છે, પરંતુ તેઓ હાલમાં લુપ્ત થવાની આરે છે

નવી દિલ્હી, તા.૬

દુનિયામાં એવા કોઈ જાનવર નથી, જેના ગળામાં માણસે પટ્ટો ન પહેરાવ્યો હોય. ત્યાં સુધી કે જંગલના વાઘ, સિંહ, ચિત્તાને પણ પાળવામાં આવે છે, પરંતુ ઘણાં લોકો એવું નથી જાણતા કે જંગલમાં એક એવું જાનવર છે જેણે આજસુધી ગુલામી સ્વીકારી નથી. ઘણાં પ્રયત્ન બાદ પણ તેને વશમાં નથી કરી શકાતા, તેના વિશે ઘણી કહાનીઓ પણ છે. તેમ છતાં એક જાનવર એવું છે, જેને માણસ ક્યારે પાળી નથી શક્યાં. શું તમે જાણો છો તેનું નામ શું છે? ચાલો તમને થોડા સંકેત આપીએ. આ જાનવર હોલિવૂડ અને બોલિવૂડ ફિલ્મોમાં બતાવવામાં આવ્યા છે. ક્યારેક પિશાચના રુપમાં તો ક્યારેક નરભક્ષીના રુપે. ઈટાલિયન "ધ સિટી ઑફ ગૉડ"ના લેખકે આ પ્રાણીની



તુલના એક ચુડેલ સાથે કરી છે. જી હાં, આ ખૌફનાક જીવ વરુ છે. વાઈલ્ડલાઈફ એક્સપર્ટ સ્વપ્રિલ ખટાલ છેલ્લા ૨૨ વર્ષથી ભારતના જંગલોમાં જંગલી પ્રાણીઓ સાથે કામ કરી રહ્યા છે. તેણે ઘણી વખત ખતરનાક જીવોનો સામનો કરવો પડ્યો હતો. જીવનું જોખમ પણ હતું. પરંતુ દર વખતે કોઈને કોઈ પ્રકારે જીવ બચી ગયો. સ્વપ્રિલ જાનવરોને જે સમૂહને જોઈને સૌથી વધારે ખતરનાક માનો છો, તે વરુ છે. વરુ એક એવું પ્રાણી છે જેને લોકો લાખો પ્રયત્નો છતાં કાબૂમાં કરી શક્યા નથી. તેઓ સમૂહમાં છે. પરિવારનું ધ્યાન રાખે છે. વડીલોને તેમના સમૂહમાં ખૂબ આદર આપવામાં આવે છે. બિલ્કુલ માણસોની જેમ જ. એક પુખ્ત વરુના ૪૨ દાંત હોય છે, જે એટલા મજબૂત હોય છે કે તેઓ મોટા હાડકાંને સરળતાથી ચાવી શકે છે. તમને જાણીને નવાઈ લાગશે કે ફિલ્મમાં બતાવવામાં આવેલા મોટાભાગના વરુઓ સાઈબેરીયન છે. તેનું કદ કૂતરા કરતા ઘણું મોટું છે. આખું શરીર જાડા વાળથી ભરેલું હોય છે. પરંતુ ભારતમાં જોવા મળતા વરુ બિલકુલ કૂતરા જેવા છે. તેમનું કદ પણ લગભગ સમાન છે. શરીર પર બહુ ઓછા વાળ હોય છે. બિહારના પશ્ચિમી ચંપારણ જિલ્લાના ટાઈગર રિઝર્વ ફોરેસ્ટમાં પણ ઘણા વરુ જોવા મળે છે. ભારતીય વરુઓનો વિશ્વમાં સૌથી જૂનો ઈતિહાસ છે, પરંતુ તેઓ હાલમાં લુપ્ત થવાની આરે છે. આ જ કારણ છે કે ભારતીય વન્યજીવ સંરક્ષણ અધિનિયમ હેઠળ તેમને લુપ્તપ્રાય પ્રાણીઓની શ્રેણીમાં રાખવામાં આવ્યા છે. વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયાના તાજેતરના અભ્યાસ મુજબ, કૂતરાઓ સાથે ક્રૉસ-બ્રીડિંગના વરુના જીન્સ પર ખરાબ અસર પડી રહ્યું છે. આ કારણે તે લુપ્ત થઈ રહ્યા છે.

# 'મારી મહેનત ઉપર સંપુર્ણ વિશ્વાસ છે હું સફળ થઈશ જ' આવા આત્મવિશ્વાસ સાથે વિદ્યાર્થીઓ પરીક્ષા આપે : ડો.જીતુભાઈ ખુમાણ

## ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે ટીપ્સ

જૂનાગઢ તા. ૬

ધો.૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા નજીક આવી રહી છે ત્યારે જૂનાગઢના કાઠી કન્યા વિદ્યાલયના શિક્ષક જીતુભાઈ ખુમાણે પરીક્ષાર્થીઓને ટીપ્સ આપી છે. વિદ્યાર્થીએ સંપુર્ણ સ્વસ્થ મને પરીક્ષા આપવી જોઈએ. બધી જ ચિંતાઓ છોડી દેવી જોઈએ અને ખુબ જ મહેનત કરી છે. મારી યાદશક્તિ ખુબજ છે. મને બધાજ વિષયો ખુબજ ગમે છે. મને મારી મહેનત ઉપર આત્મવિશ્વાસ છે કે હું સફળ થઈશ જ. પરીક્ષા એ મારા માટે જ્ઞાનોત્સવ છે અને મને પરીક્ષા આપતા ખુબજ આનંદ થાય છે.

**પરીક્ષા આ પતા પહેલા વિદ્યાર્થીએ શું કરવું જોઈએ?**

● વાંચન નિયમીત અને આયોજનબધ્ધ કરો.

● વાંચન કર્યા પછી મનન કરો.

● કેટલું વાંચ્યું તેને નહીં પરંતુ કેટલું યાદ રહયું તેને મહત્વ આપો.

● આત્મવિશ્વાસ નહીં પરંતુ કેટલું યાદ રહયું તેને મહત્વ આપો.

● આત્મવિશ્વાસ અને એકાગ્રતા સાથે વાંચન કરો.

● તમો પોતે જ તમારા ભાગ્ય વિધાતા છો આ વિચાર મનમાં રાખો.

● ઉચ્ચ સ્વપ્નાઓ જુઓ અને તેને ચરીતાર્થ કરવા જાગૃત રહો.

● સદકર્મ કરો, સદફળ ભોગવવા માટે તૈયાર રહો.

● નિરાશાવાદી ન બનો આશાવાદી બનો.

● સફળતા બજારમાં વેચાતી વસ્તુ નથી, પરીશ્રમથી પ્રાપ્ત થતી સિધ્ધી છે.

પરીક્ષા પહેલા વિદ્યાર્થીએ શું ન કરવું જોઈએ?

● પેપરો અઘરા છે, પેપરો ફુટી ગયા છે તેવી અફવાઓથી દુર રહેવું.

● નકારાત્મક વિચારોને તિલાંજલી આપવી.

● મને એ વિષય અઘરો લાગે છે એમાં નહીં આવડે આ વિષયમાં મારે માર્કસ ઓછા આવશે આવા ખંડનાત્મક વિચારોને મનમાં સ્થાન જ ન આપવું.

● બોર્ડની પરીક્ષા છે તેમાં સ્કવોડ હશે, મારો નંબર કઈ સ્કુલમાં આવશે, તેવો કોઈપણ પ્રકારનો ડર ન રાખવો.

● કોઈ લાગવગ લગાડી માર્કસ ઉમેરવા કહે તો મકકમપણે ના પાડજો.



**વાલીઓએ શું કરવું જોઈએ?**

● માતા-પિતાએ બાળકને હકારાત્મક અભિગમ, સતત પ્રેમ, હુંફ અને લાગણીસભર વાતાવરણ પુરૂં પાડવું જોઈએ.

● માતા-પિતાએ બાળકોને રોકટોક તથા તેમના નબળા પાસાઓની ચર્ચા ન કરવી જોઈએ.

● બાળકોને મહાન અને સફળ વ્યક્તિઓના ઉદાહરણ આપવા જોઈએ.

● કુટુંબ કે સગા-સંબંધીમાં જે વ્યક્તિઓ આગળ હોય તેમના ઉદાહરણ આપી તેમને પ્રેરણા આપવી જોઈએ.

● ગુસ્સો, આક્રમકતા કે સજા કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ.

● બાળક પરીક્ષા આપવા સ્કુલે જાય ત્યારે બેટા તું મહાન કાર્યની સફળતા તરફ જઈ રહયો છો, તેવા હકારાત્મક વિચાર આપવા જોઈએ.

**આટલું મનમાં અવશ્ય યાદ રાખો**

● યજ્ઞવાન બની (વિદ્યાર્થી) સાધક કર્મ કરો.

● અભ્યાસને ચાહો.

● અભ્યાસને પૂજા ગણો.

● માર્કસને પ્રસાદ ગણો.

● નિશાળને મંદિર ગણો.

● પ્રેરણા મૂર્તિને પરમેશ્વર ગણો.

બોર્ડની પરીક્ષા અગાઉ બાળકો બોર્ડની પરીક્ષાના હાઉથી દુર રહે તે માટે ટીપ્સ આપવામાં આવી છે. આ માટે વાલીઓ અને શિક્ષકોને બાળકોને હુંફ અને પ્રેમ આપી તનાવમુકત રાખવા જોઈએ અને એ માટેનું વાતારવણ સર્જવું જોઈએ.

# ૧૯૮૮માં સસરાએ જમાઈને લખેલી ચીઠ્ઠી થઈ રહી છે વાયરલ

## શાંતિ દેવીએ જણાવ્યું કે આ ૩૦થી ૪૦ વર્ષ પહેલાનો પત્ર છે, બાબુજીએ આ પત્ર તેમના જમાઈ એટલે કે મારા પતિને લખ્યો હતો

દરભંગા, તા.૬

આધુનિક યુગમાં, સંદેશાવ્યવહારની રીત સતત બદલાતી રહે છે. લોકો હવે માત્ર એક જ ક્ષણમાં તેમના શુભચિંતકો સાથે વાત કરતા નથી પરંતુ વીડિયો કૉલ દ્વારા પણ રૂબરૂ આવે છે. પરંતુ, આવા સંસાધન સામાન્ય રીતે ૩૦ થી ૪૦ વર્ષ પહેલા ઉપલબ્ધ નહોતા. ત્યારે મોટાભાગના લોકોએ પોતાના સ્વજનોને હાર્દિકના સંદેશા મોકલવા માટે પોસ્ટલ વિભાગ પર આધાર રાખવો પડતો હતો. લોકો પત્રની રાહ જોતા અને પોતાના શુભચિંતકોની સ્થિતિ વિશે પૂછતા. આજે જ્યારે અમે પત્ર વિશે વાત કરી રહ્યા છીએ ત્યારે અમે તમને તેની સાથે જોડાયેલી એક રસપ્રદ વાત જણાવીએ. કે જેમાં એક સસરાએ તેમના જમાઈને પત્ર લખ્યો હતો. સસરાએ જમાઈને એક રસપ્રદ પત્ર લખ્યો: આ વાત ૧૯૮૮ની છે. સસરાએ તેમના જમાઈ સાથે ૦૯/૦૫/૧૯૮૮ના રોજ પત્રવ્યવહાર કર્યો હતો. આ પત્રમાં સસરાએ તેમના જમાઈને સંબોધ્યા છે. તે પછી, ટોચ પર જય શ્રી રામથી શરૂ કરીને લખ્યું કે તે સ્વસ્થ છે અને કુશળતા ઈચ્છે છે. સસરાએ આગળ લખ્યું કે હું ખુશીથી મારા ઘરે પહોંચ્યો છું. તમારા ત્યાં સ્નાન કરીને પાછા ફરતી વખતે, મેં મારી ધોતી તમારા પાડોશીની દોરીસૂકવવા માટે છોડી દીધી હતી, જે હું મારી સાથે લાવવાનું ભૂલી ગયો છું. તમે એ ધોતીને સાચવશો. સસરાએ પત્રમાં આગળ લખ્યું છે કે જો કોઈ ઘરે આવે તો તે તેમના દ્વારા ધોતી મોકલી આપશો. વિશેષઃ અહીંના સમાચાર સારા અને આરોગ્યપ્રદ છે. દરેક જણ બાળકને મારા સારા આશીર્વાદ આપશે. તે સમયે પત્રો દ્વારા એકબીજાની સ્થિતિ વિશે જાણવા મળતું આ પત્રની ખાસ વાત એ છે કે જ્યારે એક વૃદ્ધ સસરા પાડોશીના ઘરે તેમની ધોતી ભૂલી જાય છે ત્યારે તેઓ તેમના જમાઈને આ સુંદર પત્ર લખે છે.

લગભગ ૩૬ વર્ષ બાદ આ પત્ર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેના કારણે લોકો જૂની યાદોને સમજી રહ્યા છે. પત્ર લખનાર પિતાની પુત્રી શાંતિ દેવીએ જણાવ્યું કે આ પત્ર ૩૦થી ૪૦ વર્ષ પહેલાનો છે. બાબુજીએ આ પત્ર તેમના જમાઈ એટલે કે મારા પતિને લખ્યો હતો. તે સમયે ફોન દરેક માટે સુલભ ન હતો. તેઓ પત્ર દ્વારા જ એકબીજાની સ્થિતિ વિશે જાણતા હતા. જો કે, પત્ર લખ્યા બાદ તેને પોસ્ટ ઓફિસ દ્વારા સંબંધીના ઘરે પહોંચતા એક મહિનાથી વધુ સમય લાગ્યો હતો. તેથી જ બાબુજીએ તેમના જમાઈને પત્ર લખીને નહાતી વખતે રહી ગયેલી ધોતી સાચવી લીધી હતી. આજના સમયમાં કોઈ વસ્તુ ક્યાંક ભૂલાઈ ગઈ હોય કે સાથે લાવવાની રહી ગઈ હોય તો મેસેજ કે ફોન કરીને સંપર્ક કરવામાં આવે છે પરંતુ અગાઉના સમયમાં જ્યારે કોઈ વ્યવસ્થા નહોતી ત્યારે પત્ર દ્વારા કોઈ બાબત જણાવવી હોય તો તેની જાણ કરવામાં આવતી હતી જેનું અહીં દાયકાઓ પહેલાનું ઉદાહરણ વાયરલ થઈ રહ્યું છે.

# મની લોન્ડરિંગના આરોપોને Paytmએ ફગાવી દીધા

નવી દિલ્હી, તા.૬

**Paytm** પેમેન્ટ્સ બેક્ક સામે ભારતીય રિઝર્વ બેક્કની કાર્યવાહી બાદ **Paytm** મુશ્કેલીમાં છે. સૂત્રોને ટાંકીને એવો દાવો કરવામાં આવ્યો હતો કે બેક્કમાં ઘણા નિષ્ક્રિય અને **KYC** વગરના એકાઉન્ટ્સ પણ મળી આવ્યા છે. આ અંગે મની લોન્ડરિંગની શંકા વ્યક્ત કરવામાં આવી હતી. એવી આશંકા છે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ આ મામલે તપાસ કરી શકે છે. પરંતુ, **Paytm**એ રવિવારે આવા તમામ અહેવાલોને નકારી કાઢ્યા અને કહ્યું કે આ આરોપોમાં કોઈ સત્ય નથી. **Paytm**ની પેરેન્ટ કંપની **One97 Communications**એ સ્પષ્ટતા કરી છે કે આ તમામ મીડિયા રિપોર્ટ્સ ખોટી માહિતી પર આધારિત છે. આમાં આપવામાં આવેલી માહિતી સાચી નથી. આ અહેવાલો માત્ર અટકળો પર આધારિત છે. વન ૯૭ કોમ્યુનિકેશન એ સ્પષ્ટ કરવા માંગે છે કે પેટીએમ અથવા પેટીએમ પેમેન્ટ્સ બેક્ક સામે આવી કોઈ અફવાઓ પર ધ્યાન આપવું જોઈએ નહીં. કંપનીએ તેના સત્તાવાર નિવેદનમાં કહ્યું કે અમે પારદર્શિતામાં વિશ્વાસ કરીએ છીએ. અમે અમારી પ્રતિષ્ઠા, ગ્રાહકો, શેરધારકોને આવા ભ્રામક સમાચારોથી બચાવવા માટે તમામ પ્રયાસો કરીશું. અમે ભવિષ્યમાં પણ આવી સ્પષ્ટતાઓ આપતા રહીશું. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા વન ૯૭ કોમ્યુનિકેશન્સ, તેની સહયોગી કંપનીઓ અથવા સ્થાપક અને સીઈઓ વિજય શેખર શર્મા વિરુદ્ધ મની લોન્ડરિંગના કોઈપણ આરોપો પર કોઈ તપાસ કરવામાં આવી રહી નથી. જોકે, થોડા સમય પહેલા અમારા પ્લેટફોર્મ પર હાજર ઘણા લોકો સામે **ED**ની તપાસ હાથ ધરવામાં આવી હતી. કંપનીએ આ મામલે **ED**ને સંપૂર્ણ સહકાર આપ્યો હતો. અમે હંમેશા સત્તાવાળાઓને સંપૂર્ણ મદદ કરી છે. કંપનીએ કહ્યું કે અમે ભારતીય કાયદાનું સંપૂર્ણ પાલન કરીએ છીએ. અમે દરેક નિયમનકારી આદેશને પણ ખૂબ ગંભીરતાથી લઈએ છીએ. મની લોન્ડરિંગ જેવી કોઈપણ પ્રવૃત્તિ સાથે અમારો કોઈ સંબંધ નથી. મીડિયા સિવાય સોશિયલ મીડિયા પર પણ આવી ખોટી માહિતી આપવામાં આવી રહી છે. તેથી, અમે અમારા સ્ટેકહોલ્ડર્સને અપીલ કરીએ છીએ કે આવી કોઈપણ અફવાઓ પર ધ્યાન ન આપો.

# વિસાવદર ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા શબવાહીનીનું લોકાર્પણ




## ચાંપરડાના સંત મુક્તાનંદબાપુ, સતાધારના વિજયબાપુ દ્વારા લોકાર્પણ

(વિનુ પુરોહિત દ્વારા)


વિસાવદર તા.૬

ગણપતિ ઉત્સવ સમિતિ-વિસાવદરના પ્રમુખ સુરેશ ભાઈ સાદરાણી તથા વિસાવદરના એડવોકેટ નોટરી નયનભાઈ જોશી અને ધર્મેન્દ્રભાઈ વિરાણી દ્વારા છેલ્લા દોઢથી બે મહિનાથી ચાલતા શબવાહીની માટે એકત્રિત કરાતા લોકફાળાથી ખરીદ કરવામાં આવેલ શબવાહીનીમાં જરૂરી સ્ટેચર સાથેની સુવિધાઓ સાથેની શબવાહીની તૈયાર થઈ જતા આજરીજ લોકાર્પણ સુરેવધામ ચાંપરડા આશ્રમના મહંત અને ભારત સાધુ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ તેમજ

શ્રી શંભુ પંચ અગ્નિ અખાડા ના સભાપતિ પૂજ્યમુકતાનદજીબાપુના તથા સતાધાર પૂજ્ય આપાગીગાની જગ્યાના મહંત અને ગુજરાત સાધુ સમાજના ઉપાધ્યક્ષ વિજયબાપુ,માંડાવડના બ્રહ્મ સમાજના અગ્રણી પ્રભાશંકરબાપા તથા પૂર્વ ધારાસભ્ય ભુપતભાઈ ભાયાણીની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતુ સૌ પ્રથમ મહેમાનોનું શાબ્દિક સ્વાગત ગણપતિ ઉત્સવ સમિતિના વિસાવદર ના એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા કરવામાં આવેલ હતું ત્યારબાદ મહેમાનોનું હારતોરા તથા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ અને ત્યારબાદ દીપ પ્રાગટય કરવામાં આવેલ હતું અને સતાધાર મહંત વિજયબાપુ દ્વારા તેમના વકતવ્યમાં ગણપતિ ઉત્સવ સમિતિના આ કાર્યને બિરદાવી શબવાહીનીની છેલ્લા વિશ વર્ષ ઉપરાંતના સમયથી જરૂરિયાત હતી જે આજે પુરી થયેલ છે અને આ શબવાહીનીના મેન્ટેન્સ માટે પૂજ્ય જીવરાજ બાપુના નામથી રૂપિયા એકાવન હજાર ગણપતિ ઉત્સવ સમિતિને આપવાની જાહેરાત કરેલ હતી જયારે મુકતાનન્દજીબાપુ દ્વારા તેમના વકતવ્યમાં લોકાના આરોગ્ય,શિક્ષણ ઉપર આજના યુવાનોને આગળ આવવા અપીલ કરી ધાર્મિક દ્રષ્ટાતો આપી ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા આ કાર્ય થઈ રહીયું છે તે સરાહનીય છે તેમજ હજુ પણ આ તાલુકામાં નિરાધાર વૃદ્ધો,વિધવા બહેનો માતાઓ માટે મળતા પેન્શન અંગે પણ કામગીરી કરી વિવિધ સરકારી યોજનાઓનો વધુમાં વધુ લોકોને લાભ મળે અને આરોગ્યને લગતો લાભ મળે તે માટે દરેક વ્યક્તિ પાસે કાર્ડ હોય તે જરૂરી હોવાનુ જણાવી આવી કામગીરી કરવા ગણપતિ ઉત્સવ સમિતિ તથા યુવાનોને અપીલ કરેલ હતી. આ પ્રસંગે વિસાવદરના પોલીસ ઈન્સ્પેકટર આર.બી.ગઢવી, હરેશભાઈ સાવલિયા,એડવોકેટ ભાસ્કરભાઈ જોશી, સીરાજભાઈ માડકીયા, ઉદયભાઈ દાહીંમા, સી.બી. ભટ્ટી, વિપુલભાઈ કાવાણી, કરશનભાઈ વાડદોરીયા, જસમીનભાઈ જાની, પરસોત્તમભાઈપદમાણી, ઈલિયાસભાઈ ભારમલ, ઈલુભાઈ મોદી,પત્રકારોમાં ગિજુભાઈ વિકમા, સી.વી. જોશી, હરેશભાઈ મહેતા, મુકેશભાઈ રીબડીયા, સુધીરભાઈ ચૌહાણ, મિતુલભાઈ પાનસૂરિયા, યોગેશભાઈ દવે,મોદી સપોટર સંઘના સભ્યો,પૂર્વ ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયાના પુત્ર રાજન રીબડીયા,પૂર્વ નગરપાલિકા પ્રમુખ રાજ રીબડીયા, કૌશિકભાઈ વાઘેલા, અરવિંદભાઈ ગોંડલીયા, રમેશભાઈ માગરોળિયા,અંકિત ભાઈ રાખોલીયા, તથા ધૂન મંડળના તમામ સભ્યો અમિતભાઈ હિરપરા, રમણિકભાઈ ગોહેલ,સહિતના નામી અનામી લોકો ઉપસ્થિત રહિયા હતા.આ પ્રસંગે સાયોના પેટ્રોલ પમ્પના માલિક ઘનશ્યામભાઈ સાવલિયા એ એક વર્ષ માટે શબવાહીની માટે ફ્યુલ વિનામુલ્યે પુરી આપવામાં આવશે તેવી જાહેરાત કરેલી હતી જયારે મિતુલભાઈ પાનસૂરિયાએ આજીવન શબવાહીનીને વિનામુલ્યે રીપેરીંગ કરી આપવાની ખાતરી આપેલ હતી આ ઉપરાંત અનેક ડાઈવર તરીકે સેવા આપવા તૈયાર થયેલ વ્યક્તિ ઓના નામ પણ જાહેર કરવામાં આવેલ હતા સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રમણિકભાઈ દુધાત્રા દ્વારા કરવામાં આવેલ હતું.

# વેરાવળ બાયપાસમાં વાડીના મકાનમાં દિપડાએ ઘુસી જઈ વાછરડાનું મારણ કરતા લોકોમાં ફફડાટ





**વનવિભાગે દિલધડક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી દિપડાને ઈન્જેકશન મારી કેદ કર્યો**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૬

વેરાવળ બાયપાસ નજીક આવેલ વાડીના મકાનમાં દીપડો આવી ચડ્યો હતો. વહેલી સવારે દીપડાએ એક વાછરડાનું મારણ કર્યું હતું અને જેની જાણ વન વિભાગને કરવામાં આવતા વન વિભાગની ટીમ દ્વારા દીપડાનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. દીપડાના રેસ્કયુ સમયે દીપડા એ બે વન કર્મી ને સામાન્ય ઈજા પણ પહોંચાડી હતી. દીપડાને રેસ્ક્યુ કરી અમરાપુર એનિમલ કેર સેન્ટર ખાતે મોકલવામાં આવેલ છે.

દીપડા ના રેસ્ક્યુ અંગે માહિતી આપતા વેરાવળ રેન્જ ફોરેસ્ટર કે.ડી. પંપાણીયા એ જણાવ્યું હતું કે, વેરાવળ બાયપાસ ઉપર તાલાળા ચોકડી નજીક આવે મિતેશભાઈ શાહ નામના વ્યક્તિની માલિકની વાડીના મકાનમાં આજે સવારે દીપડો આવી ચડ્યો હતો અને મકાનના ઢાળિયામાં બાંધેલ વાછરડાનું મારણ કરેલ હતું. આ અંગેની જાણ વન વિભાગને કરવામાં આવતા વન વિભાગની રેસ્ક્યુ સ્થળ પર પહોંચી હતી. દીપડો અવાવરું મકાનમાં લપાઈ ચૂક્યો હતો પરંતુ મકાનના બારી બારણા હતા નહીં એટલે દીપડાનું રેસ્ક્યુ કરવું ખૂબ જ જોખમી હતું આમ છતાં વન વિભાગની રેસ્કયુ ટીમ દ્વારા દીપડાનું રેસ્ક્યુ હાથ ધર્યું હતું.

દીપડાને ટ્રેનક્યુલાઈઝ કરી બેહોશ કરવાની ફરજ પડી હતી દીપડાના રેસ્ક્યુ સમયે જે મકાનમાં દીપડો છુપાયો હતો તેની બારીમાં આડસ કરવામાં આવી હતી અને આ સમયે અચાનક દીપડાએ હુમલો કરતા વેરાવળ બીટગાર્ડ કિરણકુમાર જોશી અને એનીમલ કેર સેન્ટરના રેસ્ક્યુ ટીમના ટ્રેકર સંજય ડોડીયાને સામાન્ય ઈજા પહોંચી હતી જે બંનેને સારવાર અર્થે વેરાવળ સિવિલ હોસ્પિટલે મોકલવામાં આવેલા હતા.

દીપડાને વેટરનરી ડોકટર દ્વારા ટ્રેનક્યુલાઈઝ કરી દેવામાં આવતા દીપડાનું રેસ્ક્યુ કરી દીપડાને અમરાપુર ગીર એનિમલ કેર સેન્ટર ખાતે મોકલી દેવામાં આવેલ છે.

# જૂનાગઢ મનપા દ્વારા વિકસીત ભારત સંકલ્પ યાત્રાનો થયેલ પ્રારંભ

## યાત્રાના રથમાં સરકારના છેલ્લા ૧૦ વર્ષના વિકાસ કામોની જાણકારી અપાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સરકાર તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકાર તથા રાજય સરકારની વિવિધ યોજનાઓના પાત્રતા ધરાવતા લાભાર્થીઓને આ યોજનાઓનો લાભ મળી રહે તે માટે સરકાર સતત કાર્યરત છે. ભારત સરકાર દ્વારા પ્રજા કલ્યાણકારી યોજનાઓનો વ્યાપ તમામ લાભાર્થીઓ અને નાગરિકો સુધી પહોંચાડવા અને યોજનાઓની જાગૃતિ ફેલાવવા જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા આજ તા.૬-૨-૨૦૨૪ થી તા.૨૨-૨-૨૦૨૪ વોર્ડ નં.૧ થી ૧૫માં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ યાત્રાના રથમાં સરકારના છેલ્લા દસ વર્ષના વિકાસ કામો અંગે જાણકારી અપાશે. તેમજ વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભોનું વિતરણ મહાનુભાવો- અધિકારીઓના હસ્તે કરાશે. આ યાત્રામાં શહેરી વિસ્તાર માટે સરકારની કુલ ૧૭ યોજનાઓનો સમાવેશ થાય છે. જેમાં પી.એમ. સ્વનિધિ, પી.એમ. વિશ્વકર્મા, પી.એમ. ઉજ્જવલા, પી. એમ. મુદ્રા લોન, સ્ટાર્ટઅપઈન્ડિયા-સ્ટેન્ડઅપઈન્ડિયા, આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પી.એમ.આવાસ યોજના (અર્બન), પી.એમ.ઈ.બસ સેવા, અટલ મિશન ફોર રેજુવેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન(અમૃત), પી.એમ.ભારતીય જન ઔષધીય પરિયોજના, ઉજાલા યોજના, સૌભાગ્ય યોજના, ડિજિટલ પેમેન્ટ ઈન્ફાસ્ટ્રકચર, ખેલો ઈન્ડિયા, આર.સી.એસ ઉડાન, વંદે ભારત ટ્રેન અને અમૃત ભારત સ્ટેશન યોજનાનો સમાવેશ થાય છે. આ યોજનાઓનો વધુમાં વધુ લાભ શહેરીજનોને લેવા મેયર ગીતાબેન મોહનભાઈ પરમાર તથા કમિશ્નર ડો.ઓમ પ્રકાશ દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે. જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા ભારત સંકલ્પ વિકાસ યાત્રા આજ તા.૬-૨-૨૦૨૪ સવારે ૯:૩૦ કલાકે મહાનગર પાલિકા, જૂનાગઢ કચેરી ખાતેથી મેયર ગીતાબેન પરમાર તથા ઉપસ્થિત પદાધિકારીઓના વરદ હસ્તે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવેલ છે. આ યાત્રા દરમ્યાન કાર્યક્રમના સ્થળે સાંસ્કૃતિક કાર્યક્રમો તથા વિવિધ સ્પર્ધાઓ યોજાશે. આ રથના આગમન સમયે સ્થાનિક કક્ષાએ સ્વાગત બાદ વડાપ્રધાનનો સંદેશ, સંકલ્પ પ્રસારિત કરાશે. આરોગ્ય શિબિર પણ યોજાશે. તેમજ ઓન સ્પોટ સેવાઓ જેવી કે પી.એમ.ઉજજવલા કેમ્પ નવી નોંધણી, પી.એમ.સ્વનીધી, સ્વનીધી સે સમૃદ્ધિ કેમ્પ, આયુષ્યમાન ભારત કેમ્પ, હેલ્થ ચેક અપ કેમ્પ, આધાર અપડેશન કેમ્પ અને બાયોમેટ્રિક પ્રમાણીકરણ, માય ભારત સ્વયંસેવક નોંધણી અંગેની ખરાઈ કરાશે. આ તમામ યોજનાઓના લાભાર્થીઓની યાત્રા શરૂ થતાં પહેલા અરજીઓ મંગાવવામાં આવી રહી છે. તેમજ આ અરજીઓ મેળવી મંજૂર કરવાની કાર્યવાહી થઈ રહી છે. યાત્રામાં મંજૂરી પત્રનું વિતરણ, મંજૂર કરેલ સહાય વિતરણ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરાશે.

# જુવેનાઈલ જસ્ટિસ બોર્ડમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના બે એડવોકેટને સમાવિષ્ટ કરાયા





(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

રાજય સરકાર દ્વારા તાજેતરમાં જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના સભ્ય તરીકે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બ્રહ્મ સમાજના મહિલા અગ્રણી એડવોકેટ ફાલ્ગુનીબેન અમિતભાઈ વ્યાસ તેમજ અહીંના સિનિયર એડવોકેટ જગદીશભાઈ મોહનલાલ સાગઠીયાની નિમણૂક કરવામાં આવી છે.

મહિલા એડવોકેટ ફાલ્ગુનીબેન ૧૭ વર્ષથી વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને સાથે સાથે ધાર્મિક તેમજ સેવાકીય સંસ્થાઓમાં પણ સક્રિય છે. મહિલાઓ અને બાળકો પર થતા શોષણ રોકવા તેમજ પોલીસની અનેક સમિતિઓમાં પણ તેઓ સેવા આપી રહ્યા છે. એડવોકેટ ફાલ્ગુનીબેન વ્યાસ તેમજ જગદીશભાઈ સાગઠીયાને વકીલો તેમજ આગેવાનો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# ખંભાળિયામાં રોડના વિવિધ કામ પૂર્ણતાના આરે: નગરજનોમાં રાહત

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

ખંભાળિયા શહેરના આંતરિક તથા સંલગ્ન વિવિધ રસ્તાઓ કે જે ખૂબ જ જર્જરીત હાલતમાં હતા, આ રસ્તાઓ ડામર રોડ તથા સીસી રોડથી નવેસરથી બનાવવા માટે પાલિકા તંત્ર દ્વારા ટેન્ડરિંગ પ્રક્રિયા બાદ કોન્ટ્રાક્ટ અપાયા પછી હાલ આ રસ્તાઓ મહદ અંશે પૂર્ણ થવામાં છે.

નગરપાલિકાના ચીફ ઓફિસર ભરતભાઈ વ્યાસ, પાલિકા પ્રમુખ રચનાબેન મોહિતભાઈ મોટાણી તથા ઈજનેર એન.આર. નંદાણીયા દ્વારા શહેરના બાકી રહી ગયેલા રસ્તાઓને ગામમાં ડામર રોડથી મઢવાનું કામ પાંચમા પ્રયત્ને આખરે હાથ ધરવામાં આવ્યું હતું. લાંબા સમય પછી ગામમાં રોડના હાથ ધરાયેલા રસ્તાના આ કામોમાં અહીંના દ્વારકા માર્ગ તથા સલાયા રોડથી પ્રવેશતો માર્ગ કે જે ખૂબ જ જર્જરીત હતો. આ ઉપરાંત અહીંના રેલવે ફાટકથી સરકારી હોસ્પિટલ સુધીનો ડામર વાળો બનાવવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ખંભાળિયામાં પોરબંદર રોડથી શહેરમાં પ્રવેશતા માર્ગમાં બંને તરફ ફોર ટ્રેક બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. જે નજીકના દિવસોમાં પૂર્ણ થઈ જશે. આ ઉપરાંત શહેરમાં જામનગર તરફથી પ્રવેશતા માર્ગને રેલવે સ્ટેશન રોડ સુધી બંને બાજુ નવેસરથી બનાવવાનું કામ પણ હાથ વધારવામાં આવનાર છે. થોડા દિવસો પૂર્વે જ અહીંના રેલવે સ્ટેશનથી નગર ગેઈટનો રસ્તો કે જે અગાઉ ખૂબ જ ઉબડ ખાબડ હતો, તે રસ્તાને પણ સી.સી. રોડથી મઢવાનું કામ મહદ અંશે પૂર્ણ થઈ ગયું છે. જે આગામી દિવસોમાં પૂર્ણ થઈ જતા શહેરના મોટાભાગના રસ્તાઓ ડામર રોડ તથા સીસી રોડથી મઢાઈ જશે. અને ખાસ કરીને વાહનચાલકોને અગાઉના મગરની પીઠ જેવા રસ્તાઓથી કાયમી મુક્તિ મળશે.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **ચંપાબેન પરેશકુમાર માંગરોલીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **ચંપાબેન પરેશભાઈ માંગરોલીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**ચંપાબેન પરેશભાઈ માંગરોલીયા**

અક્ષરવિલા ૧૦૩, હરિ ઓમ નગર, ઝાંઝરડા રોડ,



કાર્યપાલક ઇજનેર, પંચાયત મા.મ. વિભાગ જુનાગઢ ઓન લાઈન જાહેર નિવિદા નં.૨૩/૨૦૨૩-૨૪ ફોન નં.૦૨૮૫-૨૬૩૪૨૯૫ ધ્વારા અલગ અલગ સદરના નિવીદાના ક્રમ નં.૧ થી ૬ જેની અંદાજીત રકમ રૂા.૧૭૫.૮૪ લાખ છે. જે માટે માન્ય ક્ષેણીમાં નોંધાયેલ ઇજારદારશ્રીઓ પાસેથી ઓન લાઇન ઇ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે https://tender.nprocure.com ઉપર તા.૧૯/૦૨/૨૦૨૪ થી તા.૨૬/૦૨/૨૦૨૪ સુધીમાં ટેન્ડરો ઓન લાઇન ભરવાના રહેશે. તેમજ ખોલવાની તા.૨૭/૦૨/૨૦૨૪ તેમજ ડોકયુમેન્ટ રજી.એડી થી પહોચતા કરવાની તા.૦૫/૦૩/૨૦૨૪ છે. નોટીસ અંગેની માહિતી ઉપરોકત વેબ સાઇટ ઉપર જોવા મળશે. આ કામોની વધુ વિગતો કામ કાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

માહિતી/જુના/જા.ખ./૧૦૮૧/૨૪



### ઓનલાઈન જાહેર નિવિદા

આ વિભાગ દ્વારા સ્ટેટ ઓફ ધી આર્ટ હોસ્પીટલ અને ડીસીસ ડાયગ્નોસ્ટીક અને રિસર્ચ સેન્ટર, સાસણ ખાતે બિલ્ડીંગ બાંધકામ કામગીરી માટે ઓનલાઈન ટેન્ડર વેબસાઈટ https://tender.nprocure.com થી માંગવામાં આવે છે.ઓનલાઈન ટેન્ડર તા.૦૮/૦૨/૨૦૨૪ ૧૧-૦૦ કલાકથી તા.૨૦/૦૨/૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાક સુધીમાં ભરી શકાશે અને ફિઝીકલ ડોકયુમેન્ટ, ટેન્ડર ફી અને અર્નેષ્ટમની ડિપોઝીટની રકમ સાથે તા.૨૨/૦૨/૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા રજીસ્ટર એ.ડી.થી પહોંચતા કરવાના રહેશે. ઈ-ટેન્ડર શકય હશે તો તા.૨૨/૦૨/૨૦૨૪ ના રોજ ૧૫-૦૦ કલાકે ઓનલાઈન ખોલવામાં આવશે. આવેલ ટેન્ડરો કોઈપણ જાતનું કારણ આપ્યા સિવાય રદ કરી શકાશે.

નાયબ વન સંરક્ષક, વન્યપ્રાણી વિભાગ, સાસણ-ગીર, તા.મેંદરડા, જી.જુનાગઢ, (ગુજરાત)-૩૬૨૧૩૫, ફોન નં.: ૦૨૮૭૭-૨૮૫૫૪૧, ફેકસ નંબર : ૦૨૮૭૭ - ૨૮૫૬૪૧

માહિતી/જુના/જા.ખ./૧૦૮૩/૨૪



WRD

ગુજરાત સરકાર,
નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઇ-પ્રોકયુરમેન્ટ નોટીસ નં. ૧૦ ઓફ ૨૦૨૩-૨૪

(૧) કામનું નામ: ડીસ્મેન્ટલીંગ & કન્સ્ટ્રકશન ઓફ બોક્ષ કલ્વર્ટ ઓન રીવર્સ કેનાલ ઓફ ખરીબો પી.ટી. નિયર રામ વસ્તા ફાર્મ ઇન વિલેજ વિસાવાડા ઓફ પોરબંદર તાલુકા & ડીસ્ટ્રીક્ટ. (પેકેજ-૩)
અંદાજીત રકમ રૂા. ૨૪,૭૭,૬૩૯.૫૦

(૨) કામનું નામ: પ્રોવાડીંગ, સ્પ્રેડીંગ એન્ડ રોલીંગ મુરમ ઓન એક્ઝીસ્ટીંગ બંડ કમ રોડ (મેઇન રોડ ચે. ૦.૦૦ ટુ ૨૪૩૦ મી. & બ્રાંન્ચ રોડ ચે. ૦.૦૦ ટુ ૧૮૩૦ મી.) અન્ડર કર્લી ટી.આર. સ્કિમ નિયર વિલેજ પીપળીયા ઇન રાણાવાવ તાલુકા ઓફ પોરબંદર ડીસ્ટ્રીક્ટ.
અંદાજીત રકમ રૂા. ૨૩,૦૮,૦૫૦.૦૦

(૩) કામનું નામ:- ડીસ્મેન્ટલીંગ & રી-કન્સ્ટ્રકશન ઓફ બોક્ષ કલ્વર્ટ એક્રોસ ધોબીડો વોંકળો એટ ચે. ૪૫૫૫ નિયર વિલેજ જમરા ઇન પોરબંદર તાલુકા & ડીસ્ટ્રીક્ટ.
અંદાજીત રકમ રૂ. ૨૨,૬૩,૮૦૨.૧૧

(૪) કામનું નામ:- રાણાખીરસરા રીચાર્જ રીઝર્વોયર યોજના- કન્સ્ટ્રકશન ઓફ કમ્પાઉન્ડ વોલ એન્ડ સર્વિસ ગટર ક્રોસીંગ નિયર ઇન્સ્પેકશન બંગલો એન્ડ કન્સ્ટ્રકશન ઓફ કમ્પાઉન્ડ વોલ & લેયીંગ ઓફ પેવર બ્લોક એટ બી-ટાઇપ ક્વાર્ટર ઓફ રાણાખીરસરા ડેમ સાઇટ.
અંદાજીત રકમ રૂ. ૨૦,૪૫,૧૫૦.૧૯

(૫) કામનું નામ:- કન્સ્ટ્રકશન ઓફ બોક્ષ કલ્વર્ટ એક્રોસ કેરાળા કેનાલ એટ ચે. ૪૪૫૦ નિયર વિલેજ કેરાળા ઇન રાણાવાવ તાલુકા & પોરબંદર ડીસ્ટ્રીક્ટ.
અંદાજીત રકમ રૂ. ૨૦,૨૯,૩૭૯.૫૦

(૬) કામનું નામ:- કન્સ્ટ્રકશન ઓફ બેંક પ્રોટેક્શન વોલ ઓન બેંક ઓફ ભડ સણબો કેનાલ એટ ચે. ૧૪૩૬ ટુ ૧૫૦૮ મી. નિયર વિલેજ ભડ ઇન પોરબંદર તાલુકા & ડીસ્ટ્રીક્ટ.
અંદાજીત રકમ રૂ. ૨૦,૧૨,૭૦૬.૦૦

(૭) કામનું નમ:- કન્સ્ટ્રકશન ઓફ કોઝ-વે નિયર હમીર દેવશી ફાર્મ એટ વિલેજ નાગકા ઓફ પોરબંદર તાલુકા & ડીસ્ટ્રીક્ટ.
અંદાજીત રકમ રૂ. ૧૯,૬૬,૯૩૧.૦૭

(૮) કામનું નામ: સ્ટ્રેન્થનીંગ ઓફ એપ્રોચ રોડ ઓફ હનુમાનધાર કેનાલ ટુ કેરીયા ગોઝારા કેનાલ ઓફ એમ.સી.ટી.આર. સ્કિમ નિયર વિલેજ બરીયાધાર ઇન કલ્યાણપુર તાલુકા & દેવભૂમિ દ્વારકા ડીસ્ટ્રીક્ટ.
અંદાજીત રકમ રૂ. ૧૩,૪૮,૦૮૭.૫૦

(૯) કામનું નામ:- કન્સ્ટ્રકશન ઓફ હેડ વોલ વિથ પ્રીકાસ્ટ હેક્ઝાગોન બ્લોક્સ ઓન રોડ બીસાઇડ ઓફ બેંક ઓફ વોંકળા નિયર આલા સુકા ફાર્મ એટ વિલેજ ખિસ્રી ઓફ પોરબંદર તાલુકા & ડીસ્ટ્રીક્ટ.
અંદાજીત રકમ રૂ. ૮,૦૩,૯૧૩.૮૮

(૧૦) કામનું નામ:- કન્સ્ટ્રકશન ઓફ કોઝ-વે નિયર દેવા વિરમ ફાર્મ એટ વિલેજ વિંઝરાણા ઓફ પોરબંદર તાલુકા & ડીસ્ટ્રીક્ટ.
અંદાજીત રકમ રૂ. ૭,૨૮,૮૬૬.૪૫

(૧૧) કામનું નામ:- કન્સ્ટ્રકશન ઓફ ડીપ ઇન એપ્રોચ રોડ ટુ ખોડીયાર મંદિર કેનાલ ટુ લોઢીયાવાળી કેનાલ નિયર વિલેજ વિસાવાડા ઇન પોરબંદર તાલુકા & ડીસ્ટ્રીક્ટ.
અંદાજીત રકમ રૂ. ૭,૦૫,૨૬૭.૭૯

(૧૨) કામનું નામ: કન્સ્ટ્રકશન ઓફ કોઝ-વે નિયર માલદે હમિર ફાર્મ એટ વિલેજ નાગકા ઓફ પોરબંદર તાલુક & ડીસ્ટ્રીક્ટ.
અંદાજીત રકમ રૂ. ૬,૪૭,૭૩૯.૨૫

(૧૩) કામનું નામ: મુરમ સ્પ્રેડીંગ ઓન એમ.સી.કે.સી. ઇનસ્પેકશન રોડ ઓફ એમ.સી.ટી.આર. સ્કિમ નિયર ભાવપરા વિલેજ ઇન પોરબંદર તાલુકા એન્ડ ડીસ્ટ્રીક્ટ.
અંદાજીત રકમ રૂ. ૫,૧૮,૪૩૦.૦૦

(૧૪) કામનું નામ: ડીસ્મેન્ટલીંગ & રી-કન્સ્ટ્રકશન ઓફ ગેટ ઓફ નિંજોડ કેનાલ એટ ચે.૨૯૦ મી. નિયર વિલેજ ગોસાબારા ઇન પોરબંદર તાલુકા & ડીસ્ટ્રીક્ટ.
અંદાજીત રકમ રૂ.૪,૦૫,૩૧૪.૩૪

ટેન્ડર ઓનલાઇન સ્વીકારવાની તારીખ અને સમય
તારીખ- ૦૮/૦૨/૨૦૨૪ થી ૨૨/૦૨/૨૦૨૪ સમય ૧૮.૦૦ કલાક સુધી.

સંબધિત અધીક્ષક ઇજનેરશ્રી / કાર્યપાલક ઇજનેરશ્રીનું નામ અને સરનામુ/ ફોન નંબર.

અધિક્ષક ઇજનેરશ્રી, ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, ૨/૭, જીલ્લા સેવા સદન નં. ૨, રેસકોર્ષ રોડ, રાજકોટ ૩૬૦૦૦૧, ફોન નં. (૦૨૮૧) ૨૪૪૦૫૩૬
કાર્યપાલક ઇજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ, જીલ્લા સેવા સદન-૨/૨, સાંદીપની રોડ, પોરબંદર-૩૬૦૫૭૭, ફોન નં. (૦૨૮૬) ૨૨૨૦૫૦૩

વધુ વિગતો www.statetenders.gujarat.gov.in અને www.tender.nprocure.com પર જોઇ શકાશે
નોંધ:- હવે પછી કોઇ સુધારા થશે તો ઓનલાઇન સુધારો કરવામાં આવશે.

માહિતી/પોર/૭૦૧/૨૪

# જૂનાગઢ મહાનગર પાલિકાના નવનિયુક્ત કમિશ્નર ડો. ઓમ પ્રકાશે વિધિવત ચાર્જ સંભાળ્યો



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૬

રાજય સરકારના હુકમ અન્વયે મહેસાણા જીલ્લા વિકાસ અધિકારી ડો.ઓમ પ્રકાશની જૂનાગઢ મહાનગરપાલિકા ખાતે કમિશ્નર તરીકે નિયુક્ત થયેલ છે. તેમણે કમિશ્નર તરીકે ચાર્જ સાંભળી લીધો હતો. તેમજ જૂનાગઢ મહાનગરપાલિકામાં કમિશ્નર દ્વારા વીર સાવરકર મીટીંગ હોલ ખાતે તમામ શાખાધિકારીઓ સાથે બેઠક યોજવામાં હતી. તેમણે તમામ શાખાધિકારીઓનો પરિચય મેળવ્યો તેમજ ક્યા અધિકારી પાસે કઈ કઈ જવાબદારી છે તેનો ચિતાર મેળવ્યો હતો.

# જૂનાગઢ મહાનગરપાલિકાની આજે સ્ટેન્ડીંગ કમિટીની મહત્વની બેઠક : બજેટ અંગે સુધારા-વધારા કરાશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૬

જૂનાગઢ મહાનગરપાલિકાની સ્થાયી સમિતીની બેઠક આજે મળી રહી છે. આ બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટ અંગેની ચર્ચા કરી નિર્ણય કરવામાં આવશે. ખાસ કરીને પુર્વ કમિશ્નરે સુચવેલા ૩૧ કરોડના વેરા વધારાને રખાશે કે રદ કરાશે કે ઘટાડાશે કે વધારાશે તે અંગે નિર્ણય કરવામાં આવશે અને આ બેઠક ઉપર સંબંધિત તમામની મીટ મંડાયેલી છે. આ અંગે મળતી વિગત મુજબ પુર્વ કમિશ્નર રાજેશ તન્નાની સુરેન્દ્રનગર ખાતે ડીડીઓ તરીકે બદલી થઈ છે. ત્યારે જતાં જતાં પણ તેઓ જૂનાગઢ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ બનાવતા ગયા છે. આ બજેટમાં તેમણે અંદાજે ૩૧ કરોડનો વેરો વધારો સુચવ્યો છે. ૯ લાખની પુરાંત વાળું ૯૬૭.૭૫ કરોડનું બજેટ તેમણે ૩૦ જાન્યુઆરીએ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનને સુપ્રત કર્યું છે. ત્યારે હવે સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન અને સભ્યો તેમાં શું સુધારા, વધારા કરે છે તે મંગળવારે જાણવા મળશે. મંગળવારે બપોરના ૧૨ વાગ્યે સ્ટેન્ડીંગ કમિટીની બેઠક મળશે. આ બેઠક બાદ સ્ટેન્ડીંગ કમિટી આ બજેટમાં કમિશ્નરે સુચવેલા વેરા વધારાને રાખે છે, રદ કરે છે કે તેમાં વધારો, ઘટાડો કરે છે તે જાણવા મળશે. સામાન્ય રીતે દર વર્ષે એવું બનતું હોય છે કે, કમિશ્નર તોતીંગ વેરા વધારો સુચવી દે અને પછી શાસકો તેમાં ઘટાડો કરીને કે ભાવ વધારો રદ કરીને પ્રજામાં પોતાની સારી છાપ ઉભરી કરી લેતા હોય છે. સામાન્ય વર્ષોમાં પણ આ રીતે બનતું હોય છે તો આ વર્ષે તો મહાનગરપાલિકાની ચૂંટણી માથે ઝળુંબી રહી છે. ઓગસ્ટમાં મનપાની ભાજપની બોડીની મુદત પુર્ણ થાય છે અને નવી બોડી શાસન સંભાળશે. ત્યારે ચૂંટણી જીતવા માટે ભાવ વધારાને ના મંજુર કરી દેશે તેવી પણ હાલમાં ચર્ચા થઈ રહી છે.

## દ્વારકાધિશ મંદિરે ૯ અન્નકુટ મનોરથના દર્શન યોજાશે



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૬

યાત્રાધામ દ્વારકામાં જગતમંદિરે ઠાકોરજીને કયારેક એક જ દિવસમાં ત્રણથી ચાર વખત અન્નકૂટ મનોરથ દર્શન યોજવામાં આવ્યા છે. ત્યારે દ્વારકાના ઈતિહાસમાં પ્રથમ વખત ઠાકોરજીને એક જ દિવસમાં ૯ અન્નકૂટ દર્શન યોજવામાં આવશે. આગામી તા.૮ ફેબ્રુઆરી ૨૦૨૪ને ગુરૂવારના રોજ દ્વારકાધીશ મંદિરે ઠાકોરજીને એક જ દિવસમાં ૯ અન્નકૂટ મનોરથના દર્શન યોજાશે તેમ પૂજારી જયેશભાઈ ઠાકરે જણાવ્યું હતું.

# બી ડીવીઝન પોલીસ સ્ટેશનના સસ્પેન્ડેડ પીએસઆઈ મકવાણાની ધરપકડ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૬

જૂનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ટૂર એન્ડ ટ્રાવેલ્સ એજન્સીના સંચાલક હર્ષિલ જાદવનું માર મારીને મોત નીપજાવનાર આરોપી PSI મુકેશ મકવાણાની ધરપકડ કરવામાં આવી છે. થોડા દિવસ પહેલા જૂનાગઢના બી ડિવિઝનમાં PSI મુકેશ મકવાણાએ હર્ષિલ જાદવ પાસેથી ૩ લાખ માંગ્યાના પરીવારે આક્ષેપો કર્યા હતા અને હર્ષિલ રૂપિયા આપવાની ઈન્કાર કરતા PSIએ હર્ષિલને ઢોરમાર માર્યો હતો. જેમાં હર્ષિલ જાદવને જેલમાં મોકલ્યા પહેલા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો અને ત્યારે બાદ હર્ષિલ જાદવને જામીન મળ્યા હતા.ત્યારે અમદાવાદ ખાતે હર્ષિલ જાદવની તબિયત લથડતાં તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેમનું મોત થયું હતું. હર્ષિલ જાદવના પરિવાર દ્વારા PSI મુકેશ મકવાણા વિરૂદ્ધ હત્યાનો ગુનો દાખલ કરાવ્યો હતો. અમદાવાદ ખાતે રહેતા હર્ષિલ જાદવ તનિષ્કા ટૂર એન્ડ ટ્રાવેલ્સ નામની કંપની ચલાવતો હતો. ત્યારે જૂનાગઢના આશીમ સીડા નામના ફરિયાદીએ જૂનાગઢ બી ડિવિઝનમાં હર્ષિલ વિરૂદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. જે મામલે જૂનાગઢ પોલીસ દ્વારા હર્ષિલને બોડકદેવ પોલીસ સ્ટેશનથી જૂનાગઢ બી ડિવિઝન લાવવામાં આવ્યો હતો. હર્ષિલ જાદવ વિરૂધ્ધ થયેલ કેસને લઈ PSI એમ.કે. મકવાણાએ રિમાન્ડમાં દરમ્યાન હર્ષિલને માર ન મારવા માટે ત્રણ લાખ રૂપિયાની માંગણી હતી. ત્યારે હર્ષિલનો પરિવાર ત્રણ લાખ રૂપિયા આપવા તૈયાર ન હતો. રૂપિયા આપવાની ના કહેતા પીએસઆઈ મુકેશ મકવાણા દ્વારા હર્શિલને ઢોર માર માર્યો હતો. પીએસઆઈના ઢોરમારમાં હર્ષિલના ડાબા પગમાં ફેક્ચર અને જમણા પગના લીગમેંટ ફાટી ગયા હતા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. હર્શિલને પ્રથમ જૂનાગઢ અને બાદમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખાતે સારવામાં આપવામાં આવી હતી. પરંતુ સારવાર દરમ્યાન હર્ષિલનું હોસ્પિટલમાં જ મોત નિપજ્યું હતું. ત્યારે આ હર્ષિલનું મોત મુકેશ મકવાણાને ઢોર માર માર્યાથી થયું હોવાના આક્ષેપ પરિવારે કર્યો હતી. જે મામલે જૂનાગઢ પોલીસ દ્વારા પીએસઆઈ મુકેશ મકવાણા વિરૂધ્ધ હત્યાનો ગુન્હો નોંધ્યો હતો અને જૂનાગઢ પોલીસ દ્વારા આ મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી. પીએસઆઈ મુકેશ મકવાણા વિરૂધ્ધ હત્યાનો ગુન્હો નોંધાતા તે ફરાર થયા હતા. જેને જૂનાગઢ પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા હતા અને આ મામલે જૂનાગઢ પોલીસ દ્વારા વધુ હાથ ધરવામાં આવી હતી.

# મેંદરડા અને અજાબ વચ્ચે બાઈક સાથે દુધનું વાહન અથડાતા અકસ્માત : મહિલાનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૬

માળીયાહાટીના ખાતે રેલ્વે સ્ટેશન પ્લોટ વિસ્તારમાં રહેતા રાજુભાઈ ઉર્ફે રાજેશભાઈ નારણભાઈ ગોહિલ અને તેમના પત્ની વનીતાબેન(ઉ.વ.૫૦) તેમના જીજે-૧૧-પીપી-૮૦૩૮ નંબરના બાઈક ઉપર બેસીને શનિવારની સવારે પાણીયારી ગામે લગ્ન પ્રસંગે જતા હતા ત્યારે મેંદરડા અને અજાબ વચ્ચે ખીજડીયા ગામના પાટીયા પાસે વળાંકમાં સામેથી પુરપાટ ઝડપે આવી રહેલ જીજે-૧૧-વીવી-૧૧૧૮ નંબરના છોટા હાથી દુધનું વાહના ચાલકે પોતાનું વાહન દંપતીના બાઈક સાથે અથડાવતા પતિ, પત્ની ફંગોળાઈ ગયા હતા. જેમાં બંનેને ઈજા થતા જૂનાગઢ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા પરંતુ વનિતાબેનને માથાના ભાગે વધુ ગંભીર ઈજા થવાથી તેમને રાજકોટ સરકારી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. જયાં તેમનું રવિવારની રાત્રે સારવાર દરમ્યાન મૃત્યું નિપજયું હતું. અકસ્માત અંગે મૃતકના પુત્ર કલ્પેશભાઈ ગોહિલે ફરિયાદ નોંધાવતા માળીયાહાટીના પોલીસે છોટા હાથી વાહનનના ડ્રાઈવર સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી હતી.


ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨


## માર્કેટીંગ યાર્ડ જૂનાગઢ ખાતે કારમાં આગ લાગી



જૂનાગઢ તા.૬

માર્કેટિંગ યાર્ડ-જૂનાગઢ ખાતે આવક ગેટ પાસે આવેલ વે-બ્રીજ પાસે મારૂતી અલ્ટો ૮૦૦ કાર જીજે-૩૬-બી-૧૯૮૩ માલિક મૌલિકભાઈ દવેએ પાર્ક કરેલી હતી. આ સમય દરમ્યાન કારમાં અચાનક ટેકનીકલ ફોલ્ટના કારણે સ્પાર્ક થતા આગ ભભુકી ઉઠતા તાત્કાલિક ફાયર સેફટીની ટીમને બોલાવી અને આ કારને લાગેલી આગને બુજાવવા માટેનો પ્રયાસ કરેલો હતો. જેથી સમયસૂચકતાને કારણે કોઈ પણ જાનહાની થવા પામી ન હતી.





